સંગીત

લીલાવં

નાટક પંચાં

[illegible]

રચનાર

[illegible] [illegible]વલાલ

[illegible] [illegible]

[illegible] મોહનલાલ

તથા

[illegible] [illegible]તીલાલ

ઠે. [illegible]

अहमदाबाद-

[illegible] [illegible]

[illegible]

સંવત ૧૯૭૦

કિંમત રૂ. ૦-

૫૨૬૧

શ્રી

સંગીત લીલાવતી નાટક

પંચાંકી.

પાત્રજન.

સુત્રધાર..................................નટ નાયક.
વિદુષક..................................મોદકાનંદ, મહાકુળનો રસોઇયો
નટી......................................સુત્રધારની સ્ત્રી
મહાકુલ ....કૌશામ્બી નગરીનો નગરશેઠ
સેંજલદે...................................તેની સ્ત્રી
સુમતિવિલાસ............................તેનો પુત્ર
સ્વાર્થદત્ત.................................સુમતિવિલાસનો મિત્ર
જોધલો...................................સુમતિવિલાસનો હજુરીઓ
કામસેના.................................કૌશામ્બી નગરીની વેશ્યા
કપટકળા.................................કામસેનાની સાહેલી ગણિકા
કનકસેન.................................કૌશામ્બી નગરીનો રાજા
સચિવ....................................તેનો પ્રધાન
સોમદત્ત................સુમતિવિલાસનોસસરો સારંગપુર નગરનો શેઠીઓ
સુભગા...................................સુમતિવિલાસની સાસુ
પોચાપારેખ..............................સોમદત્તનો મુનિમ
લીલાવતી.................................સુમતિવિલાસની સ્ત્રી
કુસુમમંજરી...............................લીલાવતીની સખી
લાવણ્યા.................................સુમતિવિલાસની બેન
વિરવિલાસ..............................લીલાવતીનો પુત્ર

સ્થળ કૌશામ્બી નગરી અને સારંગપુર નગર.

શ્રી.

રા. રા. સાંકળચંદ રતનચંદ વકીલ

એકત્રીસા સવૈયા

શ્રીમાળી જ્ઞાતિ પ્રખ્યાતિ; આદ્ય સંપમાં છે સહૃદયસ્થ;
પાદલિપ્ત પુરની પેઢીમાં, પુન્ય પ્રતાપે થયા ગૃહસ્થ.
મુન ધન સિદ્ધાચળ ધન રક્ષક, દક્ષ પરિક્ષક હિત ઉદાર.
કરૂં અર્પણ આ નાટક ઉત્તમ, સ્નેહ સહિત કરશો સ્વીકાર.
રતનચંદના રત્ન પુત્ર છો, સમતા સાગર સાંકળચંદ;
સત્યવચન અમૃતસમ ઉચરી, આંતા આપ અધિક આનંદ.
લઘુ વયથી મમ ઉપર આપનો, નિર્મળ પરિપુરણ છે પ્યાર;
કરૂં અર્પણ આ નાટક ઉત્તમ, સ્નેહ સહિત કરશો સ્વીકાર.
નટીલ વકીલ વિચારક ચંગા, વિનીત વિવેકી સુનીતિવાન;
પરમ પ્રમાણિક પ્રૌઢ પરાણી, મહાજનમાં છે મ્હોટું માન.
કીર્તિ સંપત્તિના તસ્કરને, દંડાવ્યા દોરી દરબાર;
કરૂં અર્પણ આ નાટક ઉત્તમ, સ્નેહ સહિત કરશો સ્વીકાર.

સંવત ૧૯૬૯ ના આસો સુદ } અધ્યાપક. કેશવલાલ શીવરામ.

શ્રી

સંગીત લીલાવતી નાટક.

અંક પહેલો.

પ્રસ્તાવના.

સ્થળ—રંગમંડપ—મંગળાચરણ.

સુત્રધાર— શાર્દુલ વીક્રીડીત.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ મું, આપો સદા સંપદા,
કાપો પાપ અમાપ તાપ ત્રીવીધે, સેવા કરૂં સર્વદા;
હે વિમલ પ્રાચીન વંશ ભજવું, આ વિશ્વભુમી મહીં,
રીઝીને સુખસાધ થાય અમને, આનંદ દાતા અહીં. ૧

ત્રીતાળી ચોપાઈ.

નાટક પાત્રને વેશ સજાવ્યો, હજુ કેમ વિદુષક નાવ્યો,
વીદુ—આવ્યો વેશ રચીને વીચીત્ર, ફરમાવો હુકમ હવે મિત્ર.

સુત્રધાર— ગીતી—લાવણી.

શિવસુત કેશવકૃત છું. "સંગીત લીલાવતી નાટક" ભજવું,
વેશ્યા વ્યસન નિષેધી આર્ય સકળને શિયળ વ્યસન સજવું,
એમાં ખપ છે તારો, સજન હસાવા હાસ્ય વચન બોલી;
માગે શું મહેનતનું, બોલ બરાબર તું અંતર ખોલી. ૨

વીદુષક—લચપચતા નવ લાડુ, નિત જમવાની ટેવ પડી મારી,
જો મુજને એ મળશે, સુત્રધાર બજવીશ સેવા સારી. ૩

સુત્રધાર—જરૂર વીદુષક જમજે, સવારમાં સીધું મળશે સારૂં,
રૂડી રીતે પ્રસંગે, બજાવજે તું ચતુર કામ તારૂં. ૪

વીદુષક—આ તે નાટક કે શું બવાય, કેક વહેમી ગયા વ્હેમ ખાય

સુત્રધાર— ગીતી—લાવણી.

અણસમજુ સમજે છે, નાટકકળાને બનાવના રચી;

હશે કાચ કે હીરા, વગર ઝવેરી કોણ શકે પરખી ! ૭
કવિવર ફીકર ન કરશો, નિંદે છો ખળ ઉત્તમ નાટકને;
શું શેલડી સુકાશે, કરે અનાદર ગરધવ સાકરને, ૮

વિદુષક— ચોતાળી ચોપાઇ.

સુચનાથી નહીં સમજાએ, કરો અધિક વિવેચન કાંએ,
સુ—જ્હાશીને લાગી કેમ હજુ વાર............................
નટી..............................આજ્ઞા આપો આવી બરચાર ૯
સુ—નાટક વરણન કરય સુવિશેષ................................
નટી—..............................કરૂં આપ પ્રમાણ આદેશ ૧૦

શ્રી જગતપતિ, પ્રભુ આપ સન્મતિ—(એ રાહ)

શ્રી સંખેશ્વરા, પ્રભુ ! પાર્શ્વ જીનવરા;
તેં નિવારી જાદવોની ન્હવણથી જરા,—એ ટેક.
અંતરજામી વિભુ ! વિશરામી સમરી શિવપુર સાથ;
વંદુ પદ અરવિંદ વિનયથી, હેતે જોડી હાથ. શ્રી૦ ૧૧
જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં, ઇદ્રપુરી અનુસાર;
સુંદર કૌશામ્બી નગરી કહી, જ્યાં વિધ વિધ વ્યાપાર શ્રી૦૧૨
વણીક "સદાફળ" નગરશેઠ ત્યાં તસ સુત "સુમતીવિલાસ"
"લીલાવતી" લલના તેની જે, પૂરણ બુદ્ધિ પ્રકાશ શ્રી૦ ૧૩
અજબ બની આહેરણી આપે ઓઢી કાંબળી અંગ;
તિક્ષણબુદ્ધિ થકી તજાવ્યો, સ્વામી વેશ્યા સંગ. શ્રી૦ ૧૪
ગણિકા ઘરથી નિજ ઘર લાવી, ટળી કેળવી કંથ;
સુખ વિલસી સંસારતણું, પછી પાળ્યો સંજમ પંથ. શ્રી૦ ૧૫
થયાં દેવતા તેહ દંપતિ, એહનું નાટક આજ,
ભજવું ભાવ ધરી ભગવંતા, જય જય કર્ય જીનરાજ. શ્રી૦ ૧૬

વિ૦—જાઉં રાંધવા વખત થયો છે, શેઠ સદાફળ ઘેર;
સેજલદે શેઠાણી સારાં, બાડુની છે લ્હેર. શ્રી૦ ૧૭

પાત્રો—સૌ સભાજનો ઉપકાર આપનો,

પધારીને કૃપા કરી સ્વધર્મિ સજ્જનો. શ્લો૦ ૧૮

(ઇતિ પ્રસ્તાવના)

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

શેઠાણી—(રાગ ઇંદ્રસભાનો—રાજાજી તો સો ગયે. એ રાહ)
પ્રાણપ્રિયા સુણ પુત્ર આપણો, સુંદર સુમતિવિલાસ
નાની વયથી નિપુણ નિવડ્યો, અતિ કરી શાસ્ત્ર અભ્યાસ. ૧૯
જોગે મન જીનશાસન શ્રદ્ધા, સદ્ગુરૂને સંજોગ;
પ્રતિદિન પ્યારી પ્રભુની પુજા, વિરચે છે વિધિ જોગ. ૨૦
શેઠ—પ્રાણપતિ અતી પુન્ય ઉદયથી, પામ્યા એવો પુત્ર;
કુળ દિપક એ દીવ્ય દીકરો, શોભાવશે ઘર સુત્ર;
ગલ ગૌરવના મીઠાં વચનો, સુણી અમૃત અનુસાર;
એ આનંદ ને અવલોકી, સફળ ગણું સંસાર. ૨૨
શે૦—વડું મુખથી જરી ન બોલે, પાળે હુકમ હમેશ;
શેઠ—એ રૂપાળા કદી રીસાઇ, કરે ન કિંચિત્ કલેશ. ૨૩
ભાગ્યશાળી એ ભોગવશે મમ, વૈભવ વિવિધ પ્રકાર;
શ—સ્નેહ ધરીને સદા પાળશે, શ્રાવક કુળ આચાર. ૨૪
શેઠ શેઠાણી—ગરબી. દીપચંદી (અબોલા શાને લ્યોછો એ રાગ ;
શાસન હેતી કરશે સંરક્ષણ એ ટેક.
શ—વ્હાલો લાગે વિનિત વિચક્ષણ એ ટેક.
હોસ્તી નહી દુરિજન તણી રીસે, વ્યસન મળે નહીં વાલ; વ્હાલો૦ ૨૫
પણ શોખીલો એ સુઘડ બન્યો છે, લાડકડો તુજ લાલ. વ્હાલો લાગે.
શે—ભોળા વાલમ સુજનને હંવે એ માલમ, વરણાગી કરતા વિશેષ, શાસન.
શોખીન દીસેછે પણ સુત મારો નથ અપલક્ષણ લેશ. શાસન. ૨૬
સુવિચારી પુન્યશાળી ... ... ઉજાર; શાસન.

આંખ્યોની કીકીથી અધિક છે વ્હાલા, જીગરનો જીવનહાર; વ્હા૦ ૨૭
સ—ચુવાને ચંદન અત્તર અરગજા, અંગ વિલેપે આપ. વ્હાલો૦
ઘોડાની ગાડીઓ નિત્ય ખેડાવે પુરવ પુન્ય પ્રતાપ; વ્હાલો૦ ૨૮
સે'—આ સરવે એનો પૈસો છે, ખુબ ખરચે ધરી ખાંત; વ્હા૦
થાય ઉચાટ જતાં રજ આવે', નિરખ્યાથી મુજને નિરાંત. વ્હા૦ ૨૯
સુ—શ્રી જીન શાસન શોભા વધારશે, થાશે વડો વિદ્વાન; વ્હાલો
સકળ કળામાં કુશળ દીસે છે, મહિપતિ દેશે માન. વ્હાલો૦ ૩૦
સે'—એ થકી સુખીયાં આપણ અહા! દીકરો ડાહ્યાપણદાર, વ્હાલો
સ—વાત સુપુત્રની વરણવીએ શી, વાણી થકી વારંવાર. વ્હાલો૦ ૩૧
મ:—(પ્રવેશ કરી) ગીતિ લાવણી.
સાહેબ સમય થયો છે, પધારીએ ભોજન કરવા ભાઈ;
સ—બોલાવ જા સુમતિને..............................
સે'—..............................અમને એ વીણ જમતાં નહીં કાંઈ. ૩૨
મ:—હિંડા એમને ખાવું, સ્વારથ આ સાથે જાઓ ફરવા:
સે'—લે ત્યારે આ ઉઠયાં..............................
સ—..............................અમથા ધાંટા કાઢે શું કરવા, ૩૩

પ્રવેશ ૨ જો.

ગુણવિલાસ—(ખુશ રહો સનમજા—એ રાહ.)
ગુણ સજ્જન સંધ્યા સમય સેલનસારૂ, ફરવા ચ્હાલ્યા વ્યંકડા થયું મન મારૂં
ગાગાડીમાં રોજ મોજ માણું છું, પણ જવું ચાલતા આજ લાહ્ય ગણું છું. ૩૪
સ્વા—સાહેબની મરજી એજ અમારી મરજી, આપો આગરાનું આજ
સ્વીકારી અરજી.
આ લીધું પાછા સે'લ કરીને જ્યારે જમવા જાવું છે બાકી શેઠજી મારે; ૩૫
સુ—જાજો જમવાને કોણ તને રોકે છે..............................
મા—..............................બેટા બાપા આગળ એમાં શું ફીકે છે
સ્વા—(માથાની ટોપી હાથમાં લઇ.) લે આ મુકીદે ફક્ત પેલી પ્હેર',
ગુણ—..............................આ 'હેસું' ધોતીયું અરે શેઠજી કેરૂં; ૩૬
—જાવું છે ફરવા અરે અમારે બેને..............................

બો—..................જોઇના જોઇએ તો આપ જુતીઓ એને.
જો—જઇ પેલા ઓરડે જુઓ જુતીઓ જડશે, અંગરખું આનું
આજ પહેરવું પડશે ૩૭
સ્વા—જો.ા એ ન્હાના નહી પ્હેરતાં ફાવે...............
બો—.....................ક્યાંથી અકરમીના પગમાં એ આવે;
સ્વ—મોટાં જોઇએ નહીં પગે ઉઘાડે જઇશું,
શું કરવું શેઠને કાજ એટલું સહીશું. ૩૮
જો—લ્યો પાન બીડી પણ તમે સોપારી સાથે,
ભભકો મારીને જાઓ શેઠ સંગાથે;
સ—અત્તરનું પુમડું આપ્ય કાનમાં ખસુ્યું,
શેઠજી બરાબર બની બજારે ચાલ્યું; ૩૯
જો—કેમ શેઠ સ્વારથી આનો વિશ્વાસ કરે છે,
એ ધરમથી પૈસા પરાયાં પેટ ભરે છે:
બો—ખોતા જોવાને આજે પાછળ જઇએ,
ફરી ખરેખરી ખાતરી શેઠને કહીએ. ૪૦

પ્રવેશ ૩ જો.

કપટકળા— ગીતી લાવણી.
આમ " કામસેના " તું વિરહાનળથી વ્યાકુળ થઇ વારૂ;
ખાર કાંયો છાનું છે, અંતર રાખે મુજથી શા સારૂ. ૪૧
કા—જાણી તને અજાણી શાણી " કપટકળા " શું પુછે છે ?
નથી સુજતું કાંઇ, રે મુજને સ્મર શત્રુ પજવે છે. ૪૨
જે મેં તને બતાવ્યો, કાલે ઝરૂખેથી સંધ્યાકાળે,
એ મન મંદીર આવી, પ્રેમ અગ્નિથી એન મને બાળે; ૪૩
ક—અરે ઓળખ્યો એને, વણિક જાતની સોબત શી કરવી.
આપણ સમ સ્વારથીઆ, પ્યાર કરી ધન આશ નહી ધરવી ૪૪
કામસેના—કાલિંગડો દાદરો. (મહેલ ગયે નેનારે—એ રાહ)
મદન પડ્યો કેડે (૨) ઘણી ગભરાઇરે મદન. એ

મન હસ્તી મસ્તીમાં આવ્યો, માવત અંકુશ ક્યાંછરે; મદન.
શોક ચિકિત્સા વિણ વિરહાગ્ની, તુજ મન ગાંડી ગણું છરે; મદન. ૪૫
જો સ્વપ્ને સંજોગ બને તો, પોઢું પલંગ ફુલ છાઇરે, મદન.
પણ પતિવિણ નિંદ્રા નહિ આવે કાળજામાં થાય કાપાકાપીરે. મ ૪૬
કુ—અગ.પો ન કર બાગારે (૨) વિચારી કાંઇરે. બળાપો. એ ટેક.
અંગીત આ ગાને આ કરવું, એમાં છે આપણી કમાઇરે; બ.ળા.પો.
કા—જૈયનપુર વિષે જવાની સ્વારથ સમજ તણુંછરે મદન૦ ૪૭
કપટકળા:— ગાંતી લાવણી.
એથી અધિક રૂપાળા, રાજકુંવર તુજને રાખે રંગે;
સુખ સખી શું માગશે શેઠ સહાકુળ તણા પુત્ર સંગે. ૪૮
કા—પીલુ દીપચંદી (કહ્યું નગીને દુઃખીયો કીધા છે—એ રાગ)
ભાગ્ય સખી એનેમન લલચાવ્યું, એથી અધિક બીજે જગમાં ન ગણું ટેક
મનમોહન મદને આવી મુજને ઘાયલ કીધી છે મન ગભરાવ્યું લા.
અધર ધનુંથી કટાક્ષ શરે અતી અરર કર્યું મારું કાળજું કાપ્યું; લા.૪૯
ચતુર મનોહર ચંદ્ર વદનથી, પ્રેમની ભરતીએ હૃદય બગાડ્યું. લા.
ગુલમ સુંદર સાડી શણગાર શું ગમતું નથી હીરા મોતી ધરાવ્યું. લા. ૫૦
[illegible] સખી સંગીત સાજને, વહાલા વિના ગમે ગાવું ન ગાણું લા
[illegible] રમિયા વિના પીતી પાણું ઝેર જેવું લાગ્યું જરી ન જમાણું;લા.૫૧
[illegible] પલંગ ફુલ સરખા, જાણે શરીર મખમલનું બીછાવ્યું, લા
[illegible] શાન્ત ભાવથી, મનગમતથી મદનસુખ માણ્યું.લા.૫૨
(ઝરૂખે જોઇ) ગઝલ (નારીના કટાક્ષ પાસે—એ રાહ.)
જો સખી ઝરૂખે પેલા આવ્યા પ્રાણનાથ,
સમજાવીને લાવ સ્નેહ બધું તેહ સાથ;
ચિત્ત હરાયું ચતુર વિના પડતું નથી ચેન,
આડી અવળી વાત બધી મુકય મારી બેન. ૫૩
લે બોલાવી લાવું બાઇ હું તારી હજુર,

૫૨૬૫

એ પ્રપંચ પાસ સર્વ જાણું છું જરૂર;
ઘર વેશ્યાબ્યાં કપટ તણાં પાઇ વિષય વિખ,
ભલા ભલાને ભોળવી, મંગાવી મેં તો ભીખ. ૫૪

કા—હાથમાં ગુલાબ છડી ચાલ છટાદાર;
જલદી જા બોલાવ મારો એ હઇયાનો હાર;

સુ—(સ્વગત) કાંક વાત કહી સખીને, મારી નયણુ બાણુ;
આવશે બોલાવવા શું હરણુ કર્યા પ્રાણુ. ૫૫

ક—રાગ સોરઠ ત્રીતાલી (પ્રિયા પરદેશમાં રહીઆં—એ રાહ)
ઉપર અલબેલા આવે, સુંદર વા સારૂ તલસાવે; ઉપર૦ આ ટેક
બાઇ અમારી આપ વિયોગી, સુરત કીડા કરીએ સંજોગી;
અપ્સરાસુત ઓરોગી, ભામિની ભોગી લ્યો લહાવો. સુ-ઉ. ૫૬

સુ—જીલ્લો ત્રી તાલ (હાલ અપના કહું મેં કેસે —એ રાહ)
પ્રેમ વચન શા થી મન વિંધી સ્નેહ સાંકળી સજડ જડીરે;
નિરછાં નયન કરે નન તણી, પ્રિય ચિતવૃત્તિ કેક પડીરે. પ્રેમ ૫૭
આ ગણિકા મમ મન મૃગ વેરી, ખસવા દે નથી ગાંપ ખડીરે.
સત્ય શિખણ નીતિ સંભારણું, મદન કોધ આતરપ ગડીરે. પ્રે. ૫૮
કાંઇ ન સુઝે સજન શું કરવું. આપ્યે સલાહ કાંઇ ઘાટ ઘડીરે;

સ્વા—આમ શું કરવા શરમાઓ, જાઓ સુખે નહી વાત વડીરે. ૫૯

(સુમતિવિલાસને તોપણ શરમાતા જોઇને) (ત્રીતાલી ચોપાઇ)
આગ સમજને તમે શરમાઓ, ભલે વેશ્યા ભવન મહીં જાઓ.
હુંતો ખાનગી મિત્ર તમારો, કયાંઇ વાત નથી કરનારો. ૬૦
દેશાટનને પંડિત જન પ્રેમ, અતિ શાસ્ત્ર વાંચવું એમ;
વેશ્યા ઘરને કચેરી પ્રવેશ, વધે ચતુરપણું ત્યાં વિશેષ. ૬૧
નીતિ શાસ્ત્રે કહ્યું નિરધાર, વેશ્યા સ્નેહમાં શેઠજી સાર;

લા—સાચે આશું ઉંધું સમજાવ્યું, એના લમણામાં જુતું જડાવું. ૬૨

સા—મારા શેઠનું શાને વગોણું. નથી કરવું આ જગતમાં જોણું.
તાલમબાજ વસે છે તમામ, છાનો રે કાઢી નાંખશે કામ. ૬૩

વેશ્યાવાડો વટાવીને જઈએ, લબડધક્કે એને પછી લઈએ,
સ્વા—તમે દોસ્ત મારા જીવજાન, વીંટી આપો આતો મેહેરબાન. ૬૪
સુ— ગીતિ લાવણી.
હીરાની વીંટી છું, લે આપું જા આંગળીએ ઘાલી,
મલાવજે બાહેરાંને, મલકાતી મુખ પંગતમાં મ્હાલી. ૬૫
સ્વાર્થદત્ત ચોતાળી લાવણી.
શેઠ સાહેબ તમને સાબાશ, અમ જેવાની પુરતા આશ;
અલિરાયથી અધિક ઉદાર, ઝટ જાઓ એમાં શો વીચાર ? ૬૬
લાલ આપ કને રજા લઉં છું, થયો જમવાનો વખત હું જઉં છું;
સુમ—ઠીક જાઓ મને કહે મળજો,
બોલ્યા બોલ પ્રમાણે પળજો. ૬૭
સુમતિ—(કપટકળાને) કહેવાણુ દીપચંદી.
નાના મારે એની સાથમાં જાવું, એને મુકી ઘેર એકલો આવું,
કુ—જાઓ કીહાં શેઠ સ્નેહ જણાવી, અ.વરી બાઇ અમારી બનાવી ૬૮
હરણ કર્યું મન મુખ મલકાવી, લોચનને લટકે લલચાવી. જા
અરજોબનમા મન મખી અ.વી, જુરકી નામીશુદ્ધ બુદ્ધ ભુલાવી. ૬૯
ખાનપાન ગુણગાન તજાવી, સ્નેહની જાળે સખી સપડાવી; જા.
એ આ અનંગે આવી અકળાવી, સુરત સમુદ્રમાં મગન ડુબાવી. ૭૦
સુ—સ્વારથીઓ મળ્યો સારૂં લગાડી, ઠગી થયે કરે વાત ઉઘાડી;
કુ—લાલ માલ્યું જેવું પ્રેમ લગાડી, આવી કળા ખોટી ક્યાંથી શીખાડી ૭૧
મદન અરિથકી આપ મુકાવી, બીરૂદ સફળ કરો જીવ બચાવી;
રસિક કુંવર રંગમેહેલમાં આવી, શાંતિ આપો સુંદરી સમજાવી ૭૨
કા—જંગલોજંગોટી ચોતાળ (સાજન સુખડાં બતલાવોરે—એરાગ)
મન.રોને પ્રિતમજી પલંગેરે રંગરસ રમીએ રાજ આજ પ્રિતમ—ટેક
નિપ દરસત દોડી દીલભર, ઉભું થયું એ આ તન સુંદર

રોમરાઇ મમ થયાં વિકસ્વર, આંખો મળીએ ઉમંગેરે ૨. પ્રિતમજી૭૩
પુરવ પુન્ય પ્રતાપે પામી, તુજપદ સેવા સુખકર સ્વામી;
વિરહાનળની વેદના વામી, પાતળીયા પ્રસંગેરે, ૨. પ્રિતમજી ૭૪
પ્રાણજીવન મમ પ્રાણથી પ્યારા, નિમિષ ન મુકું નાથજી ન્યારા
કામ અનળ શીતળ કરનારા, અતિ રંગે અંગેરે. પ્રિતમજી ૨. ૭૫

પ્રવેશ ૪ થો.

સ્વાર્થદત્ત—ઈંગ્રેજી લાવણી. (છે જન પાલક—એ રાહ.)
ગણિકાના ઘરમાં શેઠ ગયા, લોપી નિજ કુળની લાજરે;
શિખામણ દેતાં ધીક્કાર, લાભ મળે નહી મને લગાર,
નિરંતર કોપે અપરંપાર, કદી બગડે મુજ કાજરે. ગણિકા. ૭૬
શ્રીમંત તણા ઘરમાં ઘુસી, ખુશામતથી કરીએ ખુશી;
અવગણ વ્યાપે તો તસ ભોગ, શાથી રાખું એનો શોગ.
અહીં મીઠાં ભાવતાંનો ભોગ, સૌમાં આપું સાજરે, ગણિકા. ૭૭
કુ ગણિકાને ગમતું બોલસે પણ ખરો વિચાર નહીં બોલ્યો;
એમાં આપણને છે લ્હાણ. વેસ્યા કરશે ઘણા વખાણ,
વળી શેઠને વ્હાલી વાણ બહુ બોલ્યા અજરે. ગણિકા. ૭૮
મો—(પ્રવેશ કરીને) ઇંગ્રેજી દાદરો (સુંદરી રીસાવું આમ—એ રાહ.)
સ્વાર્થદત્ત સ્વાર્થ તું તો સાધવામાં ઠીક છે
બો—(પ્રવેશ કરીને) ઉભો રહે હરામખોર બોલ્ય શેઠ ક્યાં ગયા
મો—(જરા ધીમે) ફુલમલની ગયું ગાડે ગાડવામાં ઠીક છે. ૭૯
બોઇતો—(રીસથી) શેઠને બગાડનાર આ ગમાર માર માર;
મોહક—(ચાળા કરી) આમ છેક શું વિવેક મુકવો તે ઠીક છે.૮૦
સ્વાર્થ—ઘરની થી પડી નમા'. ન્હાવા ઉં'વું નથી;
લ્યો હવે જવા દો મારૂં માનવામાં ઠીક છે. ૮૧
મોહક—(રૂપૈયા લઇ) તમને અમને કાલ અગરજ એ અપાવશે;
અહીં વાત બાત આમ રાખવામાં ઠીક છે.

જો—અડાવી એક એ જડાવી પેલી વીંટી લે પડાવી;
સ્વા—(સ્વગત) એકલો અહીં છું વીંટી આપવામાં ઠીક છે. ૮૩
સ્વાર્થદત્ત— ગીતિ લાવણી.
આ લ્યો બક બક મુકો, કાલે તમને કરાવશું રાજી;
જેમ થાય તેમ જોવું, ઘેર જશો જો કરશો પતરાજી, ૮૪
ભોગ શેઠના ભાઇ, ઉંજાગરો શો એમાં આપણને;
સ્નાન સુતક નહી આવે, દિલમાં વિચાર લાવી ડહાપણને. ૮૫
ખુબ ખુશામદ કરીએ, આપ ઉદર ભરવાને ધન હરવા;
નિજ સ્વારથ મુકીને શિક્ષા દેવા જઇએ શું કરવા. ૮૬
જો—આવાની સોબતમાં, બહુ છોકરા શ્રીમંતના બગડે,
સ્વા—મુકય જવું જમવાને, અરે નકામો કેમ મને રગડે; ૮૭
જો—ઠીક ઠીક આગળ થા, હું સેથી નહી તો પુજા થાશે,
મો—દુધપાકને પુરી, જરૂર જમાડું ચાલ્ય શેઠ પાસે. ૮૮

પ્રવેશ ૫ મો.

સેંજલદે—(મારી બાઇરે હાડલા કેમ લીજે—એ રાહ.)
સમી સાંજનો ગયો સુમતી સ્વારથીઆની સંગે;
સદાફળ—અડધી ગઇ પણ હજુ ન આવ્યો આકુળપણુ છે અંગે.
આવો કયાંથી તનુજ તારો..........
સેંજલદે—..........મારો રોયો સ્વાર્થદત્ત નથી સારો,
સ્વાર્થદત્ત—(નેપથ્યમાં)........મને શાથી વગર વાંકે મારો. ૮૯
સેંજલદે—બહાર સાદ સ્વારથીઆ જેવો..........
જોઇતો—(નેપથ્યમાં)..........હું હવેલી માંહે,
સેંજલદે—જોઇતો પણ સાથે છે સ્વામી..........
સ્વાર્થદત—(નેપથ્યમાં)..........મારે મોડું થાએ.
મુકો જવું છે જમવાને..........
મોહદાનંદ—.. ....હજુ માર્યા વિના તું અહ્યા નહીં આવે

સ્વાર્થદત્ત—ચાલો આવું છું ધક્કા મુક્કા મારોછો શાને (પ્રવેશકરતાં)૯૦
સદાફૂળ—અરે એકલો તું આવ્યો ને કેને સુમતી ક્યાં છે ?
મોહકાનંદ—ભુંકય ગધેડા તારા મુખથી, ગણિકાના ઘરમાં છે;
સેજલદે—શહું શું બોલે છે જાજા.............................
મોહકાનંદ—..............હજુ રહ્યાં શેઠાણી તમે તો રાજા,
જોઇતો—મુકી મુકી ચુકીને કુળની માઝા............................૯૧
મોહકાનંદ—નિજ સ્વારથ સાધન સ્વારથીએ નીતિશાસ્ત્ર બતાવી;
કામસેનાની કને મોકલ્યા ભોળા શેઠ ભમાવી.
સદા સેજ—અલ્યા એવું તે હોય જાજા............................૯૨
જોઇતો-મોહ—અરે તમારા પગના સોગન, વાત છુપાવા માટે;
આ વીંટી સ્વારથીએ લીધી, અમે પડાવી વાટે,
પુઠે ગધાતા નહી માનો ?...................................
સ્વારથદત્ત—............વહી ગયો વખત મારો જમવાનો,
સેજલદે—કેને સાચું મારા પીટ્યા તું રહી છાનો...........૯૩
સ્વારથદત્ત— ગીતિ લાવણી.
વાઘણ મૃગને, ઘેરે, એમ શેઠને ગણિકાએ ઘેર્યાં;
શું મારૂં ત્યાં ચાલે, પ્રેમ પાસમાં પડ્યા કામ પ્રેર્યાં. ૯૪
સદા—સોબત તું સુમતિની, કદી કરીશ નહી સાફ તને કહું છું:
સ્વા—વાંક નથી કાંઇ મારો.......................................
મો—....................રોજ તને હું રોજ ડામ દઇશું. ૯૫
સે—અરે ઘણું મેં આલ્યું ગરીબ ગોલા પણ તેં ઘર ઘાલ્યું;
જા કર તારૂં કાળું...
મો—..............................ડોળ બેસવાનું કાપ્યું ડાળું. ૯૬

પ્રવેશ ૬ ઠો.

કામસેના-તાલ દીપચંદી (મોહોલે પધારો—એ રાહ)
મારો પાવન કરીયો પલંગ, પ્યારા પ્રાણનાથ પધારી,
રમ્યા રસીક રસીકાથી રંગ, વિરહ દુઃખ વ્હાલા વિદારી;

આજ ઉપજી શીતળતા અંગ મને સ્વામીનાથ સ્વીકારી, એટેક
પ્રેમ હીંચોળે હીંચીઆ, સ્વામી દાસી સાથ;
મન માન્યું સુખ માણીયું, હેતે ઘાલી ગળામાં હાથ. પ્યારા૦૯૭
ચંદનતરૂ ચિતહર તમે, હું વ્હાલા થઇ વેલ.
વૃદ્ધી પામી વળગતાં, સ્નેહ શેલડી રસથી સીંચેલ. પ્યારા૦૯૮
શરદઋતુ સોહામણી, પુરણ ચંદ્ર પ્રકાશ;
મંદ પવનની લહેરમાં, વ્હાલા વીલસોએ વીવીધ વીલાસ. પ્યારા૦૯૯
અંત:પુરમાં એકલા, છાના રાખું છેલ;
કોક કળાને કેળવા, રમી રસીક કરો રંગરેલ. પ્યારા૦૧૦૦
તન મન ધન અર્પણ કરી, રંજન થશે દીન રાત;
હાજર રહીશ હજુરમાં, પ્રભુ અવર પુરૂષ ભ્રાત તાત. પ્યારા૦૧૦૧

સુમતીવિલાસ— કાલિંગડો કુમરી.

પ્રીયા મારીરે પ્રાણ થકી તું છે પ્યારી, —એ ટેક
સુંદર વદન સરોવર અંદર, નયન કમળ છબી ન્યારી. પ્રીયા૦
તું મોમન કેમ કાળજું કાપે, મારી કટાક્ષ કટારી. પ્રિયા૦૧૦૨
ભાલ ગુલાબીએ બિંદુ બીરાજે, મૃગમદનું મનોહારી; પ્રિયા
મંદ હસી મમ મન તેં હરિયું, અમૃત વચન ઉચારી. પ્રિયા૦૧૦૩
કનક કળસ કુચ કંચુકી કસીયા, સ્પર્શ સદા સુખકારી; પ્રિયા૦
નિરૂપમ નારી તને નિરખાતી, ઉર્વશી ગર્વ ઉતારી; પ્રિયા૦૧૦૪
રોજ રહીશ તુજ સમીપ રસીલી, મજ્જન સબંધ વિસારી. પ્રિયા.
કાલ પિતાજીની પાસે જવાની. વૃત્તિ કરી છે વિચારી; પ્રિયા.૧૦૫

કામસેના— (દાદરો કાન્તા કેમ થશે—એ રાહ)

નાથ નવ કરો વાત ઘર જવાનીરે, વિરહ લાગે શું બેઠાય;
નહીં જવાય લાગું પાય, દાસી છું સદાનીરે. નાથ૦ ૧૦૬
પ્રેમનો ઝરો તક મળી પીવાનીરે, સ્વામી સંગ રમવા રંગ;
આ પ્રસંગ છે ઉમંગ, જાય છે જુવાનીરે. નાથ૦ ૧૦૭
સુ—વીકર પરહરો. મારૂ વચન માનીરે, જાઉં ધામ, લેઇ દામ,
કરીને કામ આવું આમ, શું પછી કહેવાનીરે: વીકર૦ ૧૦૮

ધીરજ મન ધરો તજી દહ દીવાનીરે, મોહબાણ, પકડી પાણ;
વિનય વાણી, લાવે તાણી, વખત પહોડવાનીરે ધીકર—૧૦૯

ગીતિ.

કા—વિરહાનળથી બળતી, મુજને મુકીને નીજ ઘર જાતું;
ભોગી બને પધારો; અધીન મારે આજ નથી ખાતું, ૧૧૦
સુ—ચતુર વિચક્ષણ ચતુરા, ઘટે નહિ તારે ઘેલું થાવું,
તારા હું સમ ખાવું, હરિણાક્ષી હમણા જઇને આવું. ૧૧૧

પ્રવેશ ૭ મો.

જો—ભોપાળી કલ્યાણ—દાહરો—આઇ વેઠી ગુડ (એ રાગ)
બાઇ પટારો કેમ ઉઘાડયો, જોવું કુંચી બેસારી કઇ,
સાહેબ બાપા બહાર ગયા છે, શું? ધુંજમાં ઘાલ્યું લેઇ.
જાંનું ઘરેણું કયાં લઈ ચાલ્યા, આમ કરી તસ્કરનું કામ;
પડશે માર અરે અમારે, પાછું મુકો તમે તમામ. ૧૧૨
સુ—ચબાવલા તું ચઢી ગયો છે પરની તારે શી પંચાત;
બસબસ તારે નહીં બોલવું, હમણા પાછળ પડશે લાત.
નીચ જાત ચાકરની તારી, આખર જોડા ઉંચકનાર,
આવ્ય રાંડના હવે અડાવા, બંહાતો આ ચાલ્યા બહાર. ૧૧૪

ગીતિ.

સહા—સુમતિવિલાસ સાથે, કરે ધમાધમ અરે આમ શાથી;
જો—આ તાળું ઉઘાડયું, હાર ઘરેણું ગયું મંજુસમાંથી. ૧૧૫
સ—બનઝારો—પ્રીય મીત્ર વીના હો ભાઇ—(એ રાહ)
પ્રજળે મારૂં મન પ્યારી, નીરખી સુત ચાલ નઠારી;
સે—મેં વાત પ્રથમ નહીં માની, પણ છેલાઇ નવ રહી છાની.
થઇ ખરી ખાતરી મારી, નીરખી સુત ચાલ નઠારી; ૧૧૬
સમજી એને મેં સારો, કરીયો નહીં કદી દુંકારો
એ ભુલ થઇ છે ભારી, નીરખી સુત ચાલ નઠારી ૧૧૭

સ—વ્હાલી તેં અધીક વખાણ્યો, અંદેશો અલ્પ ન આણ્યો;
પણ સોબત મળી ન સારી, નીરખી સુત ચાલ નઠારી. ૧૧૮
ઉઘાડી પુત્ર પટારો, ટંગાવળી હાર તમારો;
ક્યોં હરણ રહ્યો હું હારી, નીરખી સુત ચાલ નઠારી. ૧૧૯
સેં—શી રીતે હું સમજાવું, રે લડપણમાં ગભરાવું;
જેમાંથી થશે જુગારી, નીરખી સુત ચાલ નઠારી. ૧૨૦
કિંચીત કહેતાં કોપે છે લાજના કુળની લોપે છે;
સૌ વિનય વિવેક વીસારી, નીરખો સુત ચાલ નઠારી. ૧૨૧
સદા—પેઢીમાં કદી ન પેસે, બલકી મમ પાસ ન બેસે;
જાય નિત રમવાને બારી, નીરખી સુત ચાલ નઠારી. ૧૨૨
કંઇકે ધન ગિલકત મેલી, હરાજ કરાવી હવેલી;
નજરે જોયું મેં નારી, નીરખી સુત ચાલ નઠારી. ૧૨૩

પ્રવેશ ૮ મો.

કામસેના—ખમાચ જીલ્હો દાદરો; આવત મોરારી (એ રાહ.)
વાલમ આવેરે (૨) આલી એને આ આનંદ કંદ,
નંદનંદ મંદમંદ હસી હસાવેરે વાલમ—૧૨૪
ચંદ્ર વદન મદન મોહન નયન નીજ નચાવે,
ચતુર ચીત ચળાવે ઇશક અકુંરથી લગાવે.
તાપ સહુ સમાવે બેઠું ભાવેરે. વાલમ—૧૨૫
કુસુમ—(ખમાચ જીલ્હો પંજાબી, સૈયાં છોડદે મોરી બૈયાં એ રાગ)
પ્યારી તું છે જીવન મારી, પ્યારી— ટેક.
લે આ હાર અમુલખ આપું કોકિલ કંઠે ધારી; પ્યારી—
તુજ તન વનમાં મમમન મૃગલું, અથડાતું અતીચારી પ્યારી—
કા—નહીં ડર ઉરગીરી ઉપર ફરે છે, સર્વ વીવેક વીસારી પ્યારી—
કુ—નાજુક ઉપર નયન બાણથી, ફેંકે મદન શીકારી પ્યારી—
વેણી નાગણનો ડર મુકી, બટકે પણ જાય બારી. પ્યારી—

કુ—કદણી જેમે કોમળ મૃગને, પા પ્રીતી રસઝારી; પ્યારી—૧૨૬
કા—પ્યારા છો મન મોહન મારા પ્યારા—   (એ ટેક)
પીશે પ્રિતમ વદન બાગમાં, છે અમૃતામૃત ફુવારા, પ્યારા—
કુ—જાવું ચાય ત્યાં ચતુર નથી ડર, મારગ સકળ સુધાર્યા, પ્યારા—
આ તન મન સુંદર મનમોહન, નાંખે ચોર નઠારા, પ્યારા—
કા—નમ તૂતી હરખાંખો હરખું, સવ મનોરથ સાર્યા, પ્યારા—૧૨૭
શુ—ખમાચીની ઠુમરી પંજાબી (પ્રીય બીના જીયા મોરાં એ રાહ)
મારી પ્યારી આ તમે ઉઠીને સુંકો ઠીક, (એ ટેક)
લાનતા મરશું રે જોઇતાએ તો જાણ્યું રે,
તાણ્યું તેણે તોય આણ્યું અગાની અધીક— મારી—૧૨૮
આખી હશે ચાડીરે, કેડ હું પહોંગાડીરે.
લાણુ આવું જાવું જોઇએ, બાપાજીની બીક. મારી—૧૨૯
કામ—જોગીઆ આશા (જરા તો સોનમકો એ રાહ)
અરે પ્રાણપ્યારા તજી મને, હજી શું જવું છે પીતાજી કને,
શુ—સમજતી નથી તું જરા સુંદરી, અરે આંખ આંસુથકી આભરી
કા—ઝમાલા પતી છાડનારી નથી, જુદી નહીં પડે માછલી નીરથી,
શુ—જરાવાર જઇ હાલ આવું અહીં, અધીરી ન થા સત્યબોલું સહી;
ઘડી એક ઘરમાં નથી ગોઠતું, નથી ચિત વેપારમાં ચોટતું,
કા—મને પ્રેમ એવો દીસે છે પતી, બીજી કોઇએ શું બગાડી મતી,
શુ—અર વ્હાલી તું આમ આવું વદી.................................
કા.....................................પધારો પલંગે જવાશે કદી.
તમે આમ બાનાં બનાવો નહિ, રસીલા વીના હું શકું શું રહી ૧૩૧

પ્રવેશ ૯ મો.

સોજકદે—[દીપચંદી ઠુમરી કુંવર મારા લાડકાં એ રાહ
સ્વામી શરીર સોસાઇ ગયું, આમ કરતાં ઉચાટ,
ભાગ્યથી મટતા નથી, લખ્યા લેખ લલાટ. સ્વામી—૧૩૨

સદ્ગુરૂથી સુધર્યો નહી, સુણી સદઉપદેશ;
સ્વારથવશનો સાબત, વંઠયા પુત્ર વિશેષ. સ્વામી—૧૩૩
હાજીઓ હાજી હાજી કરે, કરવા માત્ર હરામ.
એણે ઉત્તેજન આપીયું, જવા ગુણકાને ધામ. સ્વામી—૧૩૪
ભણવુંને ગણવું ભુલી ગયો, આળસે મુકયો આચાર;
જાતા નથી જ્ઞાન મંદીરે, વગી તજ્યો વેવાર સ્વામી—૧૩૫
હાંકયું રહ્યું નહી હાંકતાં કર્યો વેશ્યાએ કેર,
એક દીવસ અહવાડીએ આવે આપણું ઘેર. સ્વામી—૧૩૬

સદાકુંવર—શાને રડે છે તું સુંદરી, સમજી શાસ્ત્રનો સારઃ;
આને શીખામણ આપતાં, આ શી આગુ...ધાર. શા—૧૩૭
ધરમ નીતિ તજતાં થકાં, નહીં મનડાવ્યા નામ,
સમજણ વગર સ્વતંત્રતા, આડા થયું આમ શા—૧૩૮
સંસારમાં સુત સુંદરી, છુટા મુકતાં છેક. શા—૧૩૯
ખસ્તાવું પડશે પાછળ થકી, વંઠી જતા વિશેક શા—૧૪૦
આશી થયે ધન ખાનગી, ગાડ્યું મુનીમની પાસ;
નિશ્ચિંત થતા વઢગો તે થકી. એથી મુનીમ ઉદાસ. શા—૧૪૧
નિંદાય છે નાત જાતમાં, લુચ્ચો કહે એને લોક,
ધસકો પડ્યો સગાં વહાલાંમાં શાંત હ કરશે શું શોક શા—૧૪૨
હાડી વીના ગયો હાથથી, હવે કરવું શું હાલ;
તેતો નથી મને સુઝતું, બધો બગડ્યો છે તાલ. શા—૧૪૩

સો— **ચિતાળી ચોપાઇ.**

ભમે આગળો આ અવસર ભાઇ, સાંભળે તો તને કહીએ કાંઇ,
સુ—મારૂં માથું માડી નીત ફોડા. એથી ઘરમાં આવવું ફ થોડા,
...મણાં કરશે આગ આપો ..., એવો નહીં તે મને આવી હાવ.

બોલ બોલી કરી આ બેજાર, બાપા આ ચાલ્યો હું બારે બહાર
સે—શું તું આમ કરે છે તે સારૂં, નથી આપવું તો નાર કારૂ;
ડાહ્યો થઈને શું થાવ છે ગાંડો, [illegible] મોટા થવા છાંડો,
જક કરશો શી કમણા જવારો, જા બેસ તારા પીતા પાસે.
સુ—મુકી દેને માડી છેડો મારો, નથી મુજ સમ બીજો નઠારો, ૧૪૫
નથી રોક્યો રહેવાનો તમારો, કાકા જઉં છું ત્યાં તો હું જનારો.
બુદ્ધિ બગડી બુઢ્ઢા થઈ આવ્યો, તમે મારો મુરબ્બો મલાજો,
સે—પથ્થર જબર વધરે કેમ બોલે.........................
સુ—.........................વારૂ છે રહ્યા પથરાની તોલે.
પણ તમને ઉઘાડું જણાવું, આવું દેખી હવે નહી આવું. ૧૪૬

ગીતી આવલી.

સે—આમ મને અપમાની, ઉઠ્યો આપણા કુળમાં અંગારો;
હાય હવે શું કરવું, જશે ઝુરતાં જન્મારો મારો, ૧૪૭
સુ—અરજ કરી રાજાને, તજાવશું વેશ્યાનું ઘર તેને,
ઉપાય છેલ્લો એ છે, મારા સમ છે તું રડતી રે'ને. ૧૪૮
સે—નથી સુજતું સ્વામી, અરે લાથ વાગી તેં જગલાડી.
જા—રખાણુ વેળા થઈ છે, ઘણી વારથી આવી છે ગાડી. ૧૪૯

પ્રથમ અંક સમાપ્ત.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

(સોરઠી ગજલ—કુબ્જો આજ તાપ વિલાપમાં, એ રાહ)
આજ આવી રાજ હજુરમાં, કરજોડીને કરૂં વિનતી (એ ટેક)
એક કામસેના વેશ્યા અહીં, સાચી [illegible] તેતો મારી સહી,
[illegible] દિન ઘેર તેને રહી, મમ પુત્રની બગડી મતી આજ. ૧૫

કુળમાં કલંક કપુતથી, અમને જરા ગાંઠતો નથી,
એથી આપને કરૂં અર્જ, આ મુકી ભેટણું પદ ભુપતિ—આજ. ૧૫૧
હુકમે અમારી પીડા હરી, ગણિકા કનેથી કૃપા કરી,
અમ પુત્ર આપ અપાવીએ, શ્રી મહારાજની મોટી રતી. આજ.૧૫૨

કનકસેન—(ભરથરી ભ્રાતા વિચારીને તમે—એ રાગ)

સુણો નગર શેઠ (૨) મેં સાંભળી વાત તમારી,
રાજનીતિની રીતથી અંતરમાં અમે ઉતારી, ૧૫૩
પરનું ખેતર (૨) જે ઢોર આપણાં ખાવે,
ક્ષેત્ર ધણીને શેઠજી શિક્ષા શી રીતે થાવે. ૧૫૪
કોઈ ઘર વચ્ચી (૨) બાવો બની વટની જાએ,
રાજ તરફથી તેહને કહો શી રીતે રોકાએ ૧૫૫
વળી મુર્ખ મનુષ્ય (૨) નિજ મનની મેળે મરશે,
અપરાધી એ વાંકનો બોજો શી રીતે ઠરશે. ૧૫૬
તમ પુત્ર એમ (૨) વેસ્યા મંદિર જઇ વશિઓ,
કેમ કરીએ એને અમે જે હાડ શ્વાન સમ રસીઓ, ૧૫૭
વળી ગુન્હા વગર (૨) ગણિકાને નવ દંડાએ,
કરીએ શું તેને કહો જે ચાલે નિજકુળ રહે, ૧૫૮
તમ શરમ થકી (૨) ચાલો ગણિકા ઘર આવુ,
મારૂં જોર નથી જરા જે સમજ તો સમજાવું. ૧૫૯

સખી—વેસ્યા મંદિર (૨) સ્વામી શા માટે જાવું,
હુકમ હજુરનો હોય તો એને અહીંયાં બોલાવું, ૧૬૦
કન—ના ત્યાં જઇશું (૨) અડચણ એને નહિ કરી
જાતે તરફી લેઇને હરકત શ્રેષ્ટિની હરી. ૧
સદા—મહારાજ કૃપા (૨) નિજ પ્રજા ઉપર રાખો છો,
ગરીબ તવંગરને સદા ઇનસાફ અદલ આપો છો;
વિદુ—એક છે અરજી (૨) મહારાજ તણી શી મરજી,
સ્ત્રી—ભલે વિદુષક છે હુકમ ખુશ સરત કચેરી કરજી. ૧

વિદુષક— ચાબખા.

અરજી સાંભળોને સરકાર, મુજને ગાંઠતી નથી ઘરનાર. (એ ટેક)
અગીયાર વાગે ઉંઘમાંથી ઉઠી, તરત તડકે જાય;
દાતણ કર્યા વિના મોખરીને મુઠા ખોળામાં લેઈને ખાય. અ૦૧૬૪
વાંકુ સુંકુ બોલી વઢવું ને રડવું, ફુઅડ રાંડને રોજ,
ઘરમાંથી ગોળ ઘી ચોરી ખાવાની, ખોટી પડી છે ખોજ. અ૦૧૬૫
પાડા પાડોશીને ડોશી ડોસાથી, લડી ચુકી લાખવાર,
પોતાના બાળકને નિત્ય બજુડે મારે મને પણ માર. અ૦૧૬૬
રાખના ઢગલામાં ફોરાં પડ્યાં જેવું, રાંડના મોઢાનું રૂપ,
ભુત ભડકામણી મારે કુભારજા, ભાંકી મરૂં હું રે કૂપ. અ૦૧૬૭
મુગરીના માળા સરખું છે માથું, વેંત વેંત લાંબા વાળ;
ખણતાં જુનોના ટોકળા ખેરવે, પરસેવાની પડનાળ. અ૦૧૬૮
હોળી દીવાળીએ ન્હાવાનો નેમ છે, વડી ચતુર છે વહુ,
અંગે ઓાઘરાળા ને લુંગડાંમાં લીખો, મારવાડ ફેરી મઉ. અ૦૧૬૯

સદા—(સ્વગત) ગીતી-લાવણી.

કૃપા કરી મહારાજા, અપાવશે સુત વેશ્યા પાસેથી
આજ સાસરે એને, ખરે પત્ર હું લખું ખુલાસેથી. ૧૭૦

પ્રવેશ ૨ જો.

સુભગા— (ત્રીતાળી ચોપાઈ)

સ્વામી મારા તમે શિરતાજ, એક વિનતી સાંભળો આજ,
બુદ્ધિશાળી લીલાવતી બેની, વરવા ગોગ્ય ઉમર થઈ એની.
લખ્યા પત્ર વેવાઈને વ્હાલા, એકએ વાંચી ગાદી તળે ઘાલ્યા;
બેઠા ગરવ હાહા કરી જેમ, નથી ઉત્તર આપતા કેમ. ૧૭૧
—આજ પત્ર વેવાઈનો આવ્યો, જુઓ કેવો વિચાર જણાવ્યો,
લખે છે કે લગન તમે લેજો, પછી પત્ર લખીને પાઠવજો.

વાંચીને અમો વિવા'આદરશું, પછી કામ બીજું બધું કરશું
હવે કાલ જોશીને બોલવું, રૂડો લગ્ન દિવસ લેવરાવું ૨૭૨
પછી પત્ર વેવાઇને લખાવું, જશ લેવાને જાન તેડાવું,
મોટી મંડપ રચના રચાવું, સુખી ઝાલર છાટ જડાવું;
હાંડી ઝુમરૂખ તરૂના બંધાવું ઘણા મુલા ગલેચા બીછાવું.
જાનની સાથે નાત જમાડું, પ્રિયા હુંશ તારી પુરી પાડું; ૨૭૩

પ્રવેશ ૩ જો.

કામસેના—ગઝલ (હમતો આશક એ રાહ)

કર્યું મમ ઘર પવિત્ર આજ પધારી પ્રભુ,
નમું નરવર લુંડીની લાજ વધારી પ્રભુ. કર્યું૦
સચીવજી સાથ કૃપાનાથ મોટી કૃપા કરી,
હાજર હજુર હું ગુલામ થનારી પ્રભુ. કર્યું૦ ૨૭૪

સચીવ—(રાજાની સુચનાથી) દાદરો—સમાલ તેમ અહાકો—એરાહ
આપો શેઠ પુત્ર આ વખત વિચાર કરી, રે જરા વિચાર કરી.
વારાંગના વિચાર કરી, આપો શેઠ પુત્ર આ વખત વિચાર કરી.
પ્રાયે કપટી હોય વણિક તણી જાત ખરી,
સોબત સ્વારથીઆની કરવી તો વિચાર કરી. રે જરા—૨૭૫
પીકદાની સમ પવિત્ર વણીક મીત્ર વરી,
અડયું એ વિના રહયું શું કો', વિચાર કરી. રે જરા—૨૭૬
પાછી લ્યોને તમે આ સોનઇયા ભેટ ધરી,
મ.નો મહિપતિનું વચન શું વિચાર કરી. રે જરા—૨૭૭

કામસેના— (ક્રોધમાં સુણો દીલ્લી તખ્ત) એ રાહ.
સુણો સચિવજી ચતુરસુજાણ, છબીલો છોડનારી નથીરે, ટે.
પ્રીતીનાથ માગે તો આપું હું પ્રાણ છ૦

પ્રેમ ગાઢ બાંધીછે કરી પ્રયાસ છ. તમે તોડાવોછો શું બતાવી ત્રાસ, છ.
જનમમતાથી મોજ ન મુકાય, છ. જીવ જતા સુધી જુદું ન પડાય, છ.
આવું અઘટીત ઉચરી વચન, છ. મોટી હોળી સળગાવી મારે મન છ.
મહારાજ મેહેરકરી કરો માફ, છ. આવો અન્યાય થશે શું ઇન્સાફ. છ.
તમે શીકારસ કરી હશે શેઠ, છ. વેશ્યા પાસે લેવા આવ્યા હશો વેઠ છ.
નહી નહી આવે આપને આવાસ છ. મુકીદોને મૃગતુષ્ણા જેવી આસ છ.

મહાકુળ (ગરીબાઇથી) ગીતી લાવણી.

અરે હવે શું કરવું, પુત્ર પીજોએ ઉપજે પરીતાપ,
પાંચ દીવસ પરણાવા, કૃપા કરીને અપાવીએ આપ. ૧૭૯

સચીવ—(રાજાએ દરિદ્રારાએ હુકમ કર્યો તેથી.)

પુત્ર શેઠને સોંપો, રાજ હુકમને તમે માન આપી,
મન પસ્તાવું પડશે, આ જો છેલી આગ્ના ઉથાપી. ૧૮૦

મ—હજુર હુકમ ઉઠાવું, પણ જો અવધી ઉપર દીન જાશે,
તો મમ મૃત્યુ થાશે, જો જીવન ટકશે પરાણી પાસે. ૧૮૧

સ—જાઓ શેઠજી શાણા, પુત્ર આવશે પ્રેમે પરણાવો,
ઘર મંગળ ગવરાવો, લક્ષ્મી વાવરીને લેજો લ્હાવો.(જાય છે.)૧૮૨

પ્રવેશ ૪ થો.

સ— (નારીના કટાક્ષ પાસે એ રાહ)

આજ પ્યારી લગ્ન આજે તેં વધાવી લીધ,
પુન્યના પ્રતાપે થયું સકળ કામ સિદ્ધ;
જાન માંહી મંત્રી પ્રમુખ આવશે જરૂર,
પરણાવાને પુત્ર જાશું શેહેર સારંગપુર.

સે—પ્રાણનાથ પુત્ર લગ્ન કરી હર્ષ ભેર,
 જાન જોડી લીલાવતી લાવું આપણે ઘેર.
 "બાઇ" કહી પુત્ર વધુ પડશે મારા પાય,
 પુજ્ય ગણી આજ્ઞા મારી પાળશે સદાય. ૧૮૪

સ—"લીલાવતી" વિનયવતી સાંભળી વિશેષ.
 હર્ષ સહીત નીતીશાસ્ત્ર વાંચતી હમેશ;
 વાલે સદાચરણે શ્રદ્ધા ધર્મની અપાર,
 અનાગી થઇ આચરે ન કદી અનાચાર. ૧૮૫

સે - અહાહા ! ! એવી કુળમાં વધુ પરણી લાવે પુત્ર,
 સોભાવશે આવીને એ આપણું ઘરસુત્ર.
 માંડવામાં બહરાં ઘણીવાર થઇ ગાય,
 લ્હાણી આપી સરવને હવે કરૂં વીદાય. ૧૮૬

પ્રવેશ ૫ મો.

ગાનારીઓ—(સુંદર વરની ચુંદડી-એ રાહ)
 લીલાવતીએ લખી મોકલ્યો, કાગળ પ્રીતમ પાસ,
 ચાતુર આતુર ચીત થયુંરે, વરવા સદગુણી સુમતીવિલાસ
 વ્હાલા વ્હેલા આવજો. એ ટેક.

જો—નથી થયુંરે પોગળ શું પ્રકાશ, લાલા ચાલો લગનમાં એ ટેક.

મો—ભોજન પટી ની આપણે આશ, લા૦ ટંકે સાત લાડુનો સભાર

ગા—શરદ પુનમની પદ્મનીરે, ઝાંખી જોબનવંતી જેમ;
 દિનકર કર પીડન ચહેરે, ઇચ્છું અંતર આપથી એમ. વ્હાલા

જો—નથી જાણતી ગુણમાંથી પ્રેમ.　　　લાલા.
મો—ક્ષુધા અગ્નિ થશે ટાઢો હેમ.　　　લાલા૦ ૧૮૯
આ—પરણીને સર્વ પ્રકારનારે, પુરણ કરશે કોડ,
રામસીતા સરખી થશેરે, જાણે "રતિ" રતી પતી સમજોડ,
જો—પણ મોટી ખોટી એક ખોડ.
મો—સુકી હેમે ફોગટ માથા ફોડ.　　　લાલા૦
નોહતા જમજો જલેબી સજોર, જઇએ ઝટ જાનમાં. ૧૯૦
(મેજલદંને ખારેકો વહેંચતાં ગાના ગીદ ગન્દરો ગાય છે)

પ્રવેશ ૬ ઠો.

મો—અમેતો જાનમાં આવ્યારે, અગે-આ સારંગપુર શહેરમાં ફરીએ,
લાલ સાહેબની જાનમાં આવ્યારે, અમે—એ ટેક.
પેહરી પાઘડી રેશમી ધોતીયું, શેટની ઓઢીએ સાલ,
ભભકો લાડુ બટનો ભાળો, વાંકડા મુછના વાળ. અમે૦ ૧૯૧
વાર લાગી ગઈ આટલી બધી, પેટની કરતાં વેઠ,
દખણા લેવા દોડીએ અમે, પરણી ઉઠયા શેઠ　અમે૦ ૧૯૨

પ્રવેશ ૭ મો.

સુબ—(પ્રથમ ગણપતીને લાગું પાયરે એ રાહ.)
આજ આનંદ આપણે ઘેરરે, ઉજળો અવસર આવ્યો લીલાલ્હેરરે,
વાજાં વિવિધ પ્રકારનાં વાજેરે, જેના નાદથી અંબર ગાજેરે. ૧૯૩
લીલાવતીને લાયક વર મળીઓરે, આજ આંગણે સુરતરૂ ફળીઓરે

માથે મોતીના મ્હોડીઓ ઘાલીરે, જમણે હાથે શામળુદીવો ઝાલીરે.
આતી વાતી સૈયર સાથે ચાલીરે મોટી હુંશે કુંતો વિવાહ મહાલીરે.
નાણું વાવરવાનું આવ્યું ટાણુંરે, જુગતે નાકે જમાઈતણું તાણુંરે.
મોટા મોટા વેવાઈના છે ડાબારે. એ શકુ.

મો—ચાલો ગોત્રજને પગે લાગોરે......................................
સુ—..ભરના વાંસામાં પાપડ ભાગો.
મો—હવે દક્ષણા અમને અપાવો.......................................
જો—.......................................પોચા પારેખ આને પતાવો, ૧૯૬

સખી જોવું જમાઈ મુખ ચંદ. આજ પુંખતા પરમ આણંદ.
કન્યાદાન ઉમંગથી કરીયું આપી વાહન ધન દીલ ઠરીયું, ૧૯૭
ઊકે ચોરીમાં પીરસ્યો કંસાર, ઘણા હેતે કરી ઘૃતધાર:
મો—તેનું અવિચળ રહેજો સદાયરે જુગતે જાનને કરજો વિદાય.૧૯૮

પ્રવેશ ૮ મો.

ગીતી.

સુગુ—લીલાવતી સાહેલી, કાલ જવાની શું તું સાસરીએ,
લી—સુગુણમંજરી સારૂં, બોલ્ય ગીત ગાઇ ગમત કરીએ. ૧૯૯
સુગુ—(હીંચોળે બેશી) સારૂં સારૂંરે સુરત શહેર—એ રાહ.
સહયર સુખકર સંસાર, શિયળ સુપણ સજીએ,
એ વિણ નિગુણા નરનાર, તન મનથી તજીએ. એ ટેક. ૨૦૦
ગા પર નર નારી પ્રેમ પ્રદીપમાં, પડી પતંગ સમાનરે,
સુંદર શરીર સળગાવી મુકે, કંઇક નરક નાદાન.

અમર અખંડીત અંગ અનુપમ, નહી મળે એક નાકરે,
શિયળ વીના એવા સદગુણ સો, જીમ સોમલ સંપાક. શિયળ૦
વ્યભીચારીને સો, સંસારી, કરે અધીક ધીક્કારરે,
પર મંદીર પકડાતાં પડીઆ, મોટા જનને માર. શિયળ૦ ૨૦૨
જાર કરમથી જેહ જગતમાં કરે કલંકીત કુળરે;
આઃલમાં અંગારા ફેંક્યા, ધરમ કરમમાં ધુળ. શિયળ૦ ૨૦૩
લેજ વીગેધ વધે વ્યભીચારે, નીએ ધનનો નાશરે,
શ્રીગુલ કેશવ શિયળવંતના,દેવ સરીખા દાસ. શિયળ૦૨૦૪

સીતાળી ચોપાઇ.

સુ—બેન બેસજે પાણી પી આવું... ....
લાલબા ....ભાસુ હમણાં જરા જઇ આવું,
સુમ—(લીલાવતીના ચીરનો પાલવ પકડી હીંચોળે બેસારતાં)
બેશ બેશને કેમ બાહે છે, કોઇ બાન્યું નથી તું શું કહે છે. ૨૦૫
લી—હમણાં આવશે મારી સાહેલી, લાલબા મુજને ગયાં મેલી.
સુ—અહીં કોઇ નથી આવનારૂં, આમ શરમાવું એ નહિ સારૂં.૨૦૬

ગીતી. (નેપથ્યમાં)

લે—સુભના વેવાણ આવ્યાં, લાલ બોલ્ય કયાં ગઇ બાજુ વારી
લી—મુકો પાલવ મારો. મને જવાદો મા આવ્યા મારી. ૨૦૭
સુ—(સ્વગત) આપુગ્યાની દુગ્ધા, માત પીતાએ મુજને વળગાડી,
માન્યું કહ્યું ન મારૂં, અરે રાંડ આ વખત થઇ આડી, ૨૦૮
એને બોલાવાના બાકી વેસ્યાના સોગન ખાધા,
ભાટી ભુલ કરી મેં, હવે ફરી બોલાવાની બાધા. ૨૦૯

જો—અલ્યા આથડે છે કયાં, કરી તરવારી કાસમ્બી જાના,
મો—તું જા હું આવું છું, ભરી ડાબડામાં ભાતું ખાના. ૨૧૦

પ્રવેશ ૯ મો.

સ્ત્રીઓ—(માતા ઇન્દ્રિયાને ગુંથ્યા મારા મોરડાં-એ રાગ)

મરજી નવસા કાસમ્બીએ પધારીઆ, વાજાં વાગે જોવાને રઢ લાગે,
સાહેલડી લાડી લાખેણી લાવ્યો લાડણો. (એ ટેક.) ૨૧૧
ધન ધન સફળ શેઠને, જાન જોડી નાંખ્યા છે નાણાં તોડી. સા.
રથમાં વરવહુને ચમર વીંઝાય છે, દીસે ડાહ્યા સેજલહેના જાયા. સા.
જગલાડી વરવહુની જોડી જોઇને, બેઠી ગોખે ઉંડા નીશાસા નાંખે સા.

મો—લાલસાહેબને સમજાવે સાનમાં, લલચાવે ને મોતીડે વધાવે;
સાહેલડી ! ! શેઠની ફજેતીના ફાળકા.

સ્ત્રી—મોટું મહાજન સાજનમાં મળ્યું, આવી રાજકુંવેરી નૃપ પેરી. સા.

અંક દ્વિતીય સમાપ્ત.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

સુમતી—ગઝલ. (હમનો આશક હે—એ રાગ)

મારા બાપે વેંગ આ વળગાડયું શો વિચાર કરી,
ઇંધી ગઇ રાંડ હવે કરવું શું અહીં વાર કરી.
મારી જીવજાનનો મુજ વગર જરૂર જાન જશે,
હું તો મારે આ ચાલ્યો આ રડતી છો પોકાર કરી. ૨૧૨

લીલા— સ્વામીનાથ સ્વામીનાથ એ રાહ.

પ્રાણુપતિ પ્રાણુપતિ પ્રાણુપતીરે, અહીં નથી અહીં નથી અહીં નથીરે

(અચાનક આવો કોપ કર્યો કીરતાર એ રાહ)

અરે અહીં એકલી મુકીને મને આમ અચાનક ઉઠી કંઇ કયાં ગયા તમે,
પે'લા સમાગમે સ્વામી આનેશું કહું, સાંભળેલું મેં'તો હતુ તે સાચુ કર્યું;
ખચીત પીયુજી કુંવતી જાણી ખસ્યા, આશારે જાણુ વેશ્યાઆવાસે વસ્યા
આપની ઇચ્છાએ આવી ત્યાંનો આંકડો,પણાગનાકેરાપાસમાં પતી પડયા
અભીચારી વર તણા પાલવ પડી, જશે જન્મારો મારોરે રડી રડી,
આ હીરા મોતીના હાર હવે ના ગમે, ઉમદા દુકુળ મારી દેહને દમે.

ગઝલ.

ભાગ પતી પરવશ હવે શુ કરૂ, જીવ તજુ તોતો આત્મઘાતક ઠરૂ,
કંથનો વીયોગ થયો કરમે કરી, ફુલની ચાદર નથી ફાવતી જરી.
આવીતી અસન પીવા પતીની કને,પાકું નીર મળ્યું નહી અંજળી મને
કરમની રેખા ભાંગે શું કરૂં કથી, આ પીડા મટાડવાનો ઉપાય નથી
સંકટ સહન કરે સુકુળ વહુ, જ્ઞાનીએ દીઠેલું હશે એ બન્યું બધું.
પીઆવું તેડાવી ઝટ પીયર જાવું, સુખ રહું હવે જરા આ સારૂ લવું.

રાગ કલ્યાણ (શ્રી જગતપતી—એ રાહ)

પ્રીય પતી તમે ઝટ આવો આ સમે
આપ વિના વીરહ વન્હિ શી રીતે સમે. ટેક. ૨૨૧
વેશ્યા વ્હાલી હતી પતી તો નતી પરણ્યાની નાર,
નીદ્રા મુજને નામ ન આવે, આપ વગર આ ઠાર પ્રિય. ૨૨૨
આભુષણ અંબર બિછાયાં, કરતાં અશ્રુપાત
રોતાં રોતાં નથી ખુટતી અરે રાક્ષસી રાત પ્રિય. ૨૨૩

મને ભાસતી સરખું ભાસે, ભુવન ભુવન ભરથાર;
ઝાંઝર જાણે જડી બેડીઓ, અકળાવે આ વાર. પ્રિય૦ ૨૨૪
કનક વલય કરકડી બરાબર, વરવીણ કેદી વેશ;
આ આંખે આંજેલી લાગે, મરચાં સરખી મેશ. પ્રિય૦ ૨૨૫
નંગ જડેલી નવીન કંચુકી, બંધન સરખી બાંધ,
બહુ દુખ દેઇને કામ દરોગો, હવે હરે શું હાય. પ્રિય૦ ૨૨૬
અલંકાર ધખતા અંગારા, મણીધર ફુલની માળ;
મંદ પવનની લ્હેરો લાગે, જાણે અગ્નિ ઝાળ. પ્રિય૦ ૨૨૭
કસ્તુરી કંકુને કેશર, રસીયા તુજ વીણ રાખ;
પતી વીણ કોણ કરે પરીપુરણ, અંતરના અભીલાખ. પ્રિય૦

લલીત છંદ.

કપટ હે પતી કેમ આ કર્યું, ધિરજ હું હવે શી રીતે ધરૂં,
નવ ધરી દયા મેરા નાથજી, તરત આવતાં શું તમે તજી,
હરખ મુજનેરે ઘણો હતો, જરૂર આજથી તે રહ્યો જતો,
જરીક વાંકમાં હું નથી હજી તરત આવતાં શું તમે તજી. ૨૨૯

પ્રવેશ ૨ જો.

કામસેના-કાશી જીલ્લો ઠુમરી (પીયા કારનસે —એ ઢાળ)
સખી કેમ ન આવ્યા, નાથ હજી, હું તો જોગણથઈ અનુસારતજી સખી
નીશદીન દુશમન મદન સતાવે, વાર કરે નહીં વાલમજી. સખી
હું આપઘાત કરૂં કટારીથી, નહીં વશ્ન શશ મુજને વરજી. સખી૨૩૦

કેપટકળા— (આલીંધન તોપદ્રગ—એ રાહ.)

આમ શું કરે છે અલી રજતો ધીરજ ધર. આમ શું—એ ટેક
ધરધર વર ચીવર, કર નજર નીરખ વર હરખભર;
મીલાવ્ય કર કર, આમ શું કરે છે આલી રજતો ધિરજ ધર.૨૩૧
સ્મર જ્વર હર સુખ કર ધનવંતર ભરજોબન ભેટી સુંદર વર;
અધર સુધારસ પાઈ પરસ્પર, કામ ક્રીડા સખી કર કર. આ ૨૩૨

કામસેના—(હોરી સામરો હજુએ ન આયો—એ રાહ)
ભલે આવ્યા હર્ષે ભરાણી. (એ ટેક)
અવધી ઉપર ગઈ એક ઘડી પણ મેં જુગ માફક જાણી
સત્યવાદી તમે શેઠજી સાહેબ, હું ગણીકા ગભરાણી
ધીરજ નહિ અલ્પ ધરાણી, ભલે આવ્યા હર્ષે ભરાણી; ટેક ૨૩૩
માલતી ફુલની માળ પ્હેરાવું જે મમ હાથ ગુંથાણી.
ગજરા ગુલાબ તણા કર ધાલું લોને સુગંધી સેલાણી,
અગર ઉન્યુ આપુ છું અણી, ભલે આવ્યા હર્ષે ભરણી; ૨૩૪
સુંદર શયન ભવન શણગાર્યું, લાલ હું તો લલચાણી,
પ્યારા પ્રેમરસ પાઓ ને પીઓ, મન ગમતું સુખ માણી,
યોવન મદ અશ્વ પલાણી, ભલે આવ્યા હર્ષે ભરાણી; ૨૩૫

સુમતિવિલાસ—પ્રેમની પીડા કોને કહીએ—એ રાહ.
મોહી રહયો છું મંદ હાસ્યમાં રસીલી તારાં મોહી રહયો છું—એ ટેક
પીતાજીના આગ્રહથી પરણુવા ગયો પણ અલ્પ નહિ એમ્રમે ઉલાસમાં
શતરૂના સમાન લાગ્યાં સરવે સગાંવહાલાં અહરનીશ તુજવીના ઉદાસમાં
એકરાત્રી રહયો નહી પરણીધરણી પાસે એકલીમુકી આવ્યો આવાસમાં
આપણે બે ભોગ ભોગવીએ ભોગ એના મઈધર જવાની એકમ:સમાં
તુજથકી અધીક કોઈ વીશ્વ નથી વ્હાલું, પ્રતિજ્ઞા કરૂં છું પ્રકાશમાં
કામિની તમે કર્યું કાંઇ મને કામણ, પકડી જકડી પાડયો પ્રેમપાસમાં
વણજનેવેપાર વ્હાલી ધરમ કરમ શરમ તજી ગાળવી ઉંમર વિલાસમાં
રસીલી તારાં મોહી રહયો છું મંદ હાસ્યમાં—

પ્રવેશ ૩ જો

સુગુણમંજરી—કાશી જીલ્લા પંજાબી (લીંચાતા ધનપડે)એ રાહ

લીલાવતી કેમ તું આવી સાસરીએથી ઉદાસ (એ ટેક)
શાન્ત સ્વભાવના સસરોને સાસુ, વળી વર સુંદર સુમતિવિલાસ. લી.
મુજ આગળ અંતર મુકીને, મારી પ્યારી તારીપીડતું પ્રકાશ. લી.

લીલાવતી— (**અનઝારાની દેશી**)

તું સાંભળ સહચર મારી મુજ વર વેશ્યાનો યારી,
સાસરીએ ગઇ સઉ સાથે મને નથી બોલાવી નાથે,
છે સત્ય શિયળ સંહારી મુજ વર વેશ્યાનો યારી. ૨૪૧
સુ—આ શું બોલી તું બાળા, અમથા કરીયા અહિ ચાળા,
હેં ! ! ! તુજવર શું વ્યભીચારી, તને ખમા ખમા સખી મારી;
લી—સંસારીક સુખની આશે, ગઇ શયન સનમ પતી પાસે.
હું નિરાશ થઇ ત્યાં નારી, મુજ વર વેશ્યાનો યારી. ૨૪૩
જાણી મન મોહન મારા, મેં કહ્યું કેમ છે પ્યારા,
ગર્વીષ્ટે નહી ગણુગારી, મુજ વર વેશ્યાનો યારી; ૨૪૪
બીજું બોલી નહી કાંઇ, સુઇ રહી પછી શરમાઇ;
વળી મળી આંખ ત્યાં મારી. મુજ વર વેશ્યાનો યારી. ૨૪૫
લંપટ ગણીકાના લાલા, અરધીએ ઉઠી ચાલ્યા;
કેંતી નથી વાત વધારી, મુજવર વેશ્યાનો યારી. ૨૪૬
શું શું દુઃખ ભાખું સજની, રોતાં રોતાં ગઇ રજની;
ભયભીત અવસ્થા ભારી, મુજ વર વેશ્યાનો યારી. ૨૪૭
સુ—રે છેલ છબીલી છાની દુરગુણી મળ્યા દીસ જાની;
રે ! આ શી અવસ્થા તારી, તને ખમા ખમા સખી મારી.૨૪૮
લી—દશ દીવસ રહી સાસરીએ, મોહન નાવ્યા મંદીરીએ;
પીયુ દરશન વીણ દુઃખીઆરી, મુજ વર વેશ્યાનો યારી. ૨૪૯

યૌવન વન ખીલ્યું મારૂં, વીરહાનળથી બળનારૂં,
વીણુ ન મળે પ્રેમ રસધારી, કુંજ પર વંસ્યાનાય.રી. ૨૫૦
આ વાત પીતાજી જાણે, તો અંતરમાં દુઃખ આણે;
મુજ માતા રડે બીચારી, કુંજ પર વંસ્યાનાથારી. ૨૫૧

સુ— આહ—(અમલમાં ગેન ગુજારી રાજા—એ રાહ.)
અરે આવડી શું અકળાયરે, બેની સઉ સારૂં થશે.
મારા સમજો મન મુઝાયરે, બેની સવિ સારૂં થશે. (એટેક)૨૫૨
વગશે શું વલોપાત કરેથી જપને શ્રી જીનરાજ;
વિપતિ વખત ધરીએ ધારજ, કરીએ ધરમ કાજરે.બેની.૨૫૩
રડી રડી થઇ આખડી રાતી, કાયા ગઇ કરમાઇ;
મ્લાન દેખીને મુખડું તારૂં, મને થાય કાંઇ કાંઇ રે.બેની.૨૫૪
જગના દુઃખી પળમાં સુખી, જગના જાતા રાત;
રંગ એવા જોઇ રાખીએ સખી, સુખે દુઃખે સમભાવરે.બેની.૨૫૫
શ્રી જીનધરમ સેવતાં થાશું, સુખ ભાળ સંસાર.
શાસન દેવતા કરશે તારા સંકટના સંહારરે. બેની. ૨૫૬

લીલાવતી— (શીતાજીના મહીનાની રાહ.)
સખી પરભવ પાપ અમાપ કરી હુતો અવતરી,
મને વિધ વધુના પ્રતાપ, પતીએ પરહરી. એ ટેક. ૨૫૭
કરી બરડયા સજીવન ધાન, અણુગળ પાણી વાવર્યા,
કર્યું મુનીવરનુ અપમાન, ધરમાદાનાં ધન હર્યાં. સખી. ૨૫૮
દીધી નિંદા ગુરૂજીને ગાળ, લેઇ વ્રત ભાગીયાં.
તોડી નાંખી તળાવની પાળ, જેના પાપ જાગીયાં. સખી.૨૫૯
કાંતો પુન્યની ફોડેલ પરવ, કે જાન લુંટી હશે,
નીજ ધર્મ તજ્યો ધરી ગર્વ, સખી મારૂં શું થશે સખી.૨૬૦
કહ્યું પાપી તણી પક્ષકાર, ઉતમ .[illegible]

મુકી અળગો શ્રાવકનો આચાર, મિથ્યાત્વિને માનીયાં.સખી,૨૬૧
કુડી સાખ ભરી સરકાર મેં ઠાં ખત મેં લખી;
હારી દીન જનને દરબાર, હવે હવીઆ દુઃખી. સખી. ૨૬૨
આવાં પાતીક મેં તો અપાર કરયાં હશે પુરવે.
વેશ્યા સંગી મળ્યો ભરથાર, અરે મને આ ભવે; સખી. ૨૬૩
સુગુણ—આવો કાકી લીલાવતી બેન, ઉદાસીમાં આજ છે;
પુછો એને નથી ચીત્ત ચેન, કે' એમાં શી લાજ છે. ૨૬૪
સુભ—કાફી જીલો કવાલી ઠેકો (પીયાકે મીત્ર બીન. એ રાહ.)
તું દીલગીર દીસે શા કારણ, બોલ લીલાવતી બાઇરે. (ટેક)
બોલતાં બંધ થઇ સીદ બેની, લાડકડી લજવાઇરે,
વદન કમળ તારૂં કરમાયું કષ્ટ પડયું શું કાંઇરે, તું. ૨૬૫
નાની નણંદે શું અપમાની, આણીને અદેખાઇરે;
તુજ સાસુએ શું દુઃખ દીધું, કે જુલમી છે જમાઇરે. તું. ૨૬૬
દસ દીવસમાં પીયર પાછી, આવી કેમ અકળાઇરે;
મારા સગાંને જુઠું બોલે, શરણી મન શરમાઇરે. તું. ૨૬૭
લી—ખમાચી પંજાબી ઠેકો (દરશન બીન અખીયા—એ રાહ.)
માજી મુજ વાલમ વ્યભીચારી, વ્યભીચારી ગણીકા યારી મા—એટેક
અહીંથી જઇ વેશ્યા ઘર વશીયા દસ દીન કાઢ્યા દુઃખકારી. મા—
વાત કરી નથી મેં વર સાથે, શું ઉચરૂં આગળ તારી મા—૨૬૮
સુભ—જોગીઆ આશાવરી ગજલ પડયોછું વીખુટો—એરાહ
ઉંડા નીઃશ્વાસા નાંખતી, રે ! દીકરી દુઃખી. (એ ટેક)
સુગુ—દુઃખ પોતાનું દાખતી, નથી સાસરે સુખી. ઉંડા. ૨૬૯
સુભ—એનો કંથ કુલક્ષણો કરવો શો ઉપાય;
લી—ભોગવવી પડશે પીડા આ ભાગ્યમાં લખી. ઉંડા,૨૭૦
સુભ પીયર રહીને પુત્રી તું રટજે સદા જીનરાય,
પ્રેમ રાખશું પુત્ર સમ સમજાવ તું સખી. ઉંડા. ૨૭૧

સુગુ— (મરાઠી ચાલની સાખી.)
શ્રી જીન દરશન કરવા જઈએ, કાકી ફીકર ન કાંઇ,
લીલા—કેહોને આદીશ્વર મંદીર આંગી છે : સુખદાઇ.
સુભ—લાડકબાઇ હું પણ આવું ન્હાઇ. ૨૭૧
લીલાવતી—સોયણી ગઝલ (દાઢ ઉડી છે દુઃખની)—એ રાહ.
સુણ બાહેલી કરવું શું હવે શાથી જન્મારો જશે.
સુગુ—તારા શિયળ પ્રભાવથી બેની સ્વામી તુજ સારો થશે.
જ્હાવે વાંક વીના વીસારી નળની જે દમયંતી નારી;
પાછી તે પતીએ સ્વીકારી તેમ એ તારો થશે. તારા—૨૭૨

પ્રવેશ ૪ થો.

સદાફળ— ગઝલ.
હાજ છોડી છેકતેં છકેલછોકરા, બાપનીતેં આબરૂના કાંકરા કર્યા. લા.
આવી છે દીવાળી હોળી હઇયામાં બળે જઉછું વહુને તેડવા પણ
દાંડો શો વળે લા— ૨૭૩
સો—સાસરામાં જાશુ છે જમાઇને સહુ માટે નહિ મોકલે વેવાઇતો
વહુ લાજ—
સ—કરવાને વીવેક લોક લાજથી જવું ....
સો —...........આવી જોરી લાગ્યો ખોટો ક્યાં સુના ગવું ૨૭૪

પ્રવેશ ૫ મો.

સોમદત્ત— રાગ આશાવરી.
જમાઇના તેં ગુણ કે અવગુણ જોયા નહિ જરી,
સુભ—શું કરૂં હું બોઇ મોહી મુરખમાં ઠરી,
સુગુ—વેવાઇ આવ્યા તેડવાને, દુનીયાથી ડરી,
સોમ—સુધરશે જમાઇ ત્યારે મોકલશું ફરી. ૨૭૫
સુગુ— ત્રીતાલી ચોપાઇ
કોણ છો તમે ક્યાં થકી આવ્યા પત્ર પાછી કોણે તેડાવ્યા,

રોછો શેઠ તમે કીઆ ગામ,કીએ કામ આવ્યા અમ ધામ.
સ—નગરી કઉશંબીએ ઘર મારૂં મારૂં નામ સદાફળ સારૂં, ૨૭૬
પુછો તમે વગર પીછાણ્યું હું તો આવ્યો લીલાવતી આણું;
સુગુ—કીહાં ગાજરો કીહાં ગડગડીઓ કીહાં મેઘતણી પડીઝડીઓ.૨૭૭
કીહાં ઉદય અને કીહાં અસ્ત, એમ સમજીને મનમાં સમસ્ત.
અમે ડાહ્યપણ આપનું જાણ્યું, આવ્યા કરવા અહી કેનું આણું. ૨૭૮
જેમ આવ્યા તમે જાઓ તેમ, ઘેર પુછજો કુશળ ખેમ;
સુબ—નથી વાટમાં બેઠીરે કાંઇ, મારી લાડકી લાડકવાઇ; ૨૭૭
મારા મનમાંતો સઘળે છે લાળો..............................
સુગુ—..............................કાગ કંઠે નાંખી મોતી માળા
સદા—શું આ નકી વીચાર તમારો..............................
સુગુ—.......................હાજી ઘર બણ્યો આપ પધારો.૨૮૦
સદા—સોમકત વેરાટ હુશે રહેજો..............................
સુબ—..............................સારૂ સૌને કુશળતા કહેજો,
મારી અકલ સઉ ગઇ મારી, વ્હાલી પુત્રી વરી વ્યભીચારી;૨૮૧
મેં તો મોટા મોટા દેખી માળ, અવિચારે કર્યું વેવીશાળ.
સો—પ્હેલા કાંઇ કર્યો ન તપાસ, હવે થાય શું નાંખે નિસાસ; ૨૮૨
પાણી પીને પછી ઘર પુછે, એમાંની અભળા એક તું છે,
ભાવી ભાવ હશે એવું થાશે, પુત્રીનાં પુન્ય પુત્રીની પાસે. ૨૮૩

પ્રવેશ ૬ ઠો.

સ—જંગલો જંજોડી પંજાબી ઠેકો. કંગનવા મોરે—એ રાહ.
ઘબરામણ મને ઘડપણમાં આવે છે ઘણીરે—(એ ટેક)
લંપટ પુત્ર પાકયોરે, હું તો એનાથી થાકયોરે,
મોટું છે ઘર મારૂં, સાસરીયું એનું સારૂં;
ઘણી સમજણી વહુ છે નયન તણીરે. ગભરામણ. ૨૮૪

ગયો લોક લાજેરે, આણું કરવા કાજેરે;
સુજ્ઞે બહુ બનાવી, વહુને નહી વળાવી.
શરમાયો વહુની સખીના વચન સુણીરે. ગભરામણુ. ૨૮૫
વરસને મહીનારે વીત્યા ઘણા કહીનારે
હવે ફરી હું જઈને કાંઇક દીલાસા દઇને;
લીલાવતીને લઇને આવું ઘર ભણીરે. ગભરામણુ. ૨૮૬

પ્રવેશ ૭ મો.

સુગ— (હશા આ શી થઈ મારી. એ રાહ.)
દુઃખી તું દીકરી મારી, ગુણી સમ સાસરી તારી;
લીલા—પિયરમાં સુખપાલ પણ, કામ ન આવે કાંઇ;
ગુણી સાસરીયાં તણી સહન કરી સુખદાઇ.
સુગુ—સુર શિક્ષા સુણી મારી, બધી દીલમાં લીધી ધારી, ૨૮૭
લીલા—અછતા આવે આળ અતિ, કરો વૃદ્ધ વિચાર;
સસરા પુજ્ય પિતા સમા, આજ્ઞા બીજી વાર,
સોમ—અરે વર છે વ્યભીચારી, એથી દુઃખ ઉપજે ભારી; ૨૮૮
સદાકૃષ્ણ— ગીતી લાવણી.
સમજી લીલાવતીને, હવે શેઠ મોકલશોતો સારૂ;
સોમ—આ ઉભી પુછોને, વારે વારે શું કહોછો વારૂ. ૨૮૯
સદા— (શેખરે ઉતારો રાજા ભરથરી. એ રાહ.)
સુકુળ વધુ તમે સાંભળો દુઃખીયા સસરાની વાતજી;
જો મન ચાય તો માનજો, ભાખું છું ભલી ભાતજી. ૨૯૦
ઉદ્ધરે હૃદયમાં આલોચજો, (એ ટેક)
ભણતારે ભણતાં ભણાય છે લખનાં ગ્રંથ લખાવજી:
મહેલ ઝરૂખાને માળીયાં ચણતાં ચણતાં ચણાયજી. ઉદ્ધ. ૨૯૧
ડગલે ડગલે ડુંગરો, ચઢતાં ચઢતાં ચઢાયજી;
સાગર સમ સરોવર વળી, ટીપે ટીપે ભરાયજી ઉદ્ધ. ૨૯૨

ઉધમ કરતાં આળસ તજી, દુઃખ દારિદ્ર જાયજી,
એમ ઉપાય આરંભતાં, સર્વ કાર્ય સધાયજી. હિંડુ ૨૯૩
એથી આવી ઘેર આપણે, કરશો કાંઇ ઉપાયજી,
ધરમ પસાય થકી , શાસન દેવતા સહાયજી. હિંડુ ૨૯૪
લીલા—આવીરે શિખામણ આપની, મારે માથે ચડાવુંજી;
માત પિતાની આજ્ઞા લઇ, આજણે ઘેર આવુંજી.
આવ્યુંરે કહયું સસરાજીએ. (એ ટેક) ૨૯૫
આજ્ઞા આપો માત તાતજી, હવે સાસરે જાવુંજી;
મારીરે શતરૂ અણિકા થકી, વહું વેર વસાવુંજી. સાસુંરે. ૨૯૬
સો—શાણીરે પુત્રી તું સુલક્ષણી, ભલે સાસરે જાઓજી;
મારી આશિશ છે એટલી, મન વાંછીત થાઓજી.
ધરજે ધિરજ સદા દીકરી. (એ ટેક) ૨૯૭
શુભ—સાસરે બેન સીધાવતાં લાગે દીલડામાં દુઃખજી;
સરવ પ્રભુના પ્રતાપ છે, નથી સ્વામીનું સુખજી. ધરજે. ૨૯૮
વસ્ત્ર આભુષણ વિધવિધે, કર્યાં સર્વ તૈયારજી;
વળી જોઇએ તે તું માગજે, તજી શરમ આચારજી.ધરજે.૨૯૯
સસરા સાસુ નાની નણંદનું, કરજે વચન પ્રમાણજી;
સો —કહેવું પડે એવું કાંઇ નથી, તું છે ચતુરસુજાણજી.ધરજે.૩૦૦
સુગુ—વડીલ વિનય કરજે વળી, તજી વાદ વિવાદજી,
કરતાં ધરમ કરણી સદા, અમને આણજે યાદજી;
ભાલું થશે ક્ષિયગ ધર્મથી (એ ટેક) ૩૦૧
કાંઇ કારજ કરતાં થકાં, પહેલો કરજે વિચારજી;
સંકટ સમય સંભારજે, મંત્ર શ્રી નવકારજી. ભા૦ ૩૦૨
નરપ શાણી સાખી સાસરે, શાણા સસરાજી સાથજી !
સારા શુકન થાય આ સમે; જિહ્વે વૃષ ચરી નાથજી.વાપ્ય.૩૦૩

પ્રવેશ ૮ મો.

લીલાવતી—(સ્વગત) લાવણી શ્રી અજીતનાથ (એ રાગ,)
રે કર્યો વેશ્યાએ કેર ઉપજે ઝેર, વાગવું વેર, હવે શા બાને;
હું કાળી નાગણ થઇ ડસું ગણિકાને. ૩૦૪
હું કદી ખડકીએ ખડી, ઝરૂખે ચડી, જોઉં વાટડી, ઘડી ઘર નાવે,
શું સ્મર શાનરૂ સમ થઇ મને અકળાવે;
આ જોબન રસ ઝલકાય; વસું વનમાય, લાલચીણ લાંચ ઉંડેછે અંગે,
શી યુક્તિ કરતાં મળું સલુણા સંગે;
પ્રિતમ પ્રમદા પોકાર, જોબન ક્ષણગાર, હૈયાના હાર ધરોને કાને;
હું કાળી નાગણ થઇ ડસું ગણીકાને ૩૦૫
શું કરૂં સુઝે નહિ કાંઇ, ઘણું ગભરાઇ; મરૂં વિષ ખાઇ; પીયુજીપાખે,
નિધણીઆતીના ઉપર નજર સૌ નાંખે.
સ્વામી વશ કરવા સાર, કરયો વિચાર; ફુલણાં ચાર. આંગણે બાંધું,
લઇ મૈયારીનો વેશ સ્વાર્થ મમ સાધું
મંગાવું મહીની ચાર, જોઇ શ્રીકાર, અરે આ વાર, કહી સસરાને;
હું કાળી નાગણ થઇ ડસું ગણીકાને. ૩૦૬

કલ્યાણ કુમરી પંજાબી ઠેકો મે વારી બન—એ રાગ.
સસરાજી સાસુજી સુણોનેરે. (એ ટેક.)

ઝીણી ત્યાંની દીર્ઘ આંચળની, મહીની મંગાવો ચાર.
ભરવાડી થઇ વેશ્યા ભુવન જાઉં, ભાળવું મન ભરથાર;સસ. ૩૦૭
નાની નણંદ મમ નાથ બનાવે, એ એમનો ઉપકાર.
મેંદીર લાવું હું મન મોહન, યુક્તિ કરીને અપાર; સસ. ૩૦૮
સાસુ—તમારો વહુજી ભરૂસો છે. એ ટેક.
સારા માબાપની દીકરી લાડી, કુકૃત્ય નહિ કરનાર;
મહીડીઓ આપણે ઘેર ઘણી છે, નણંદ તમારી તૈયાર. તમા ૩૦૯

સેંજ— ગજલ હનતો આશક હે (એ રાહ.)
પેલી બુંડી રાંડનું ઘર લાસબા બતાવ જાય,
બાઇને તું દુરથી દેખાડી, બેન આવ જાય; પેલી (ટેક) ૩૧૦
ઉજળી વસ્ત્ર વસ્તુ મેં તૈયારને સવાર વળી,
લપટને બોલાવીને ઝટપટ ઘેર લાવ જાય; પેલી. ૩૧૧

પ્રવેશ ૯ મો.

લાસબા—(માહ મેરા ગમકા તરાના. એ રાહ)
વારૂ વેશ્યાના યારી, ઉભા અટારી, પેલા તમારા પ્રાણ. (એ ટેક)
જાઓ થાઓ મહિયારી, બાળી અમારી, ઉભા અટારી; પેલા. ૩૧૨
વીંછીના આંકડો વેશ્યા છે વસમી જોજો ન થાએ જાણ
જાણશે તો ઝેર આણશે ઝાઝું, કરશે રાંડ રોકાણ;
જુઓ જાળી ઝારી હાથમાં ધરી ઉભા અટારી. પેલા. ૩૧૩

લીલાવતી— (સ્વાગત આશા ગાડી દીપચંદી.)
અવર મદન અલબેલો, આતો દીસે અવર મદન—(એ ટેક)
શરદ પુનમના સુધાકર સરખો, આજ નગરમાં ઉગેલો, આ.
મનોહર કસ્તુરીઆ મૃગ માફક, જોઉં ઝરૂખે ઝુકેલો; આ. ૩૧૪
હું નાભાગી નાથ તજી મને, વેશ્યા આવાસે વસેલો, આ.
ધન ગણીકા ધણીનાણ તુજને, પ્રિય કર્યો મમ પરણેલો. આ. ૩૧૫
ચંદ્ર ચકોરને મયુર મેઘ સમ, મુજ મન રંગ રહેલો; આ.
મહિયારી વેશે નહિ જાણે, મન છળ છેલ છબીલો. આ. ૩૧૬

પ્રવેશ ૧૦ મો.

લાલબા— (ગાઓ તમે તઇયાર—એ રાહ.)
અલબેલી સાહેલી આવો, શ્રી જીન ગુણ ગાવા, (એ ટેક)
અગણિત નર નારીને તારી ચૌદરાજ ચા'વા;
હરી હરખણ પુરંદર પ્રણમે, અજર અમર થાવા. અલ. ૩૧૭

લી—સુખ મટકે લઈ તાળી, ચક્ર સકળ હરી;
 પ્રભુ સ્તવન ઉચ્ચરીએ ફરીએ, ભવ દરિયે તરીએ. અલ. ૩૧૮
લાલજી—ચાલો સિદ્ધાચળ જઈએ—એ રાહ.
 સેવું સેવું શ્રી જીન સુખકારી, તન મન વચન સુધારીરે સેવું (ટેક)
 અવિનાશી શિવ નગર નિવાશી, ભવ પરિભ્રમણ નિવારીરે; સે.
 ત્રિજગ નાયક લાયક દાયક, સમરે સુર નર નારીરે, સે. ૩૧૯
 કરૂણા સાગર દેવ દયાકર, જયજય જગ ઉપકારીરે; સે.
 શિવસુત કેશવને શિવકરની, પદકજ ભક્તિ પ્યારીરે, સે. ૩૨૦
લીલાવતી— (નવરી પનઘટ પર એ રાહ)
 સ્વામીને વશ કરવા સજ્યા મેં શણગાર, સ્વામી૦
 છેલ છબીલાને છળું છળ બળ કળ કરી
 લલચાવું લગી પળવાર, વશ કરવા સજ્યાં મેં શણગાર સ્વામી૦ ૩૨૧
 મન મોહન મમ નંદન વનમાં વાવું સુરતરૂ બીજ પ્યાર;
 આ બોલાવે બનશે લાલબા કર તજી હું જઈશ દરબાર. સ્વામી૦
લાલજી—દઈ મારી ઠુરકવાને ઘેર લઈ (એ રાહ)
 લઈ માથે મટુકી ગહિયારી શઈ;
 રસણિક વચનામૃત રચનાથી,
 કરો આશ સના નવપલ્લવ જઈ. લઈ. ૩૨૩

પ્રવેશ ૧૧ મો.

લીલાવતી—કાલીંગડો દાદરો. મીઠડાં ગોરસ લ્યો એ રાહ.
 મીઠડું મહી વેચું મહી વેચું, અમૃત સરખું સુખકારીરે. મીઠડું.
 લ્યો કૌશામ્બી નરનારીરે, મીઠડું મહી વેચું મહી વેચું, ૩૨૪
સુમતિ—(બીભાસ અદાની તાળ વંદુ દીનપતિ એ રાહ)
 આ ભરવાડણી અજબ અપાર, અજબ અપાર દીઠી—અ—આ.
 રંભા થકી પણ અધિક રૂપાળી, કે ઉર્મીશા અવતાર. આ. ૩૨૫

શીષ સમા શિશ કેશ સુશોભિત, ચળિતકની સુખકાર; આ.
શુક સમ નાકે નથની થરકે, અરૂણુ અધર નિરધાર, આ. ૩૨૬
ચંપક વરણી એ મૃગનયની, મારી કટાક્ષ કટાર. આ.
કેસરી સરખો લંક કટીનો. તુમ્બ નિતમ્બ આકાર; આ. ૩૨૭
અંગ અનોપમ કાંબળ ઓઢી, કોકીલ કંઠ શીકાર આ.
એને અહીં મહી મસ બોલાવી મુરખુ બાંધુ પ્યાર. આ. ૩૨૮
લી—અમૃત સરખું સુખકારીરે, મીઠડું મહી વેચું મહી વેચું;
લ્યો કૌશાંબી નર નારીરે. મીઠડું મહી વેચું મહી વેચું. ૩૨૯
સુ—મારે મહી લેવું મહી લેવું (લીલાવતીની મટકી પકડી.)
આપોને મટકી ઉતારીરે મા—મહિયારી મોહનગારીરે; મા.
ઝટપટ ઘુંઘટપટ ખોલોરે મા—મહી મુલડાં બરાબર બોલોરે. મા.
લી—પીરૂ બરૂઓ લાવણી. (ગીરધારીરે વાત કહું તે—એ રાગ)
મહેતાજીરે શું મહી મુલ બતાવું, ચાખો પછી ભાવ જણાવું.
અગાશે નહીંરે કદી દુનિયામાં આવું સમજુને શું સમજાવું.
(ઝુલ) જુગતીથી રોજ જમાવું, લાલન લ્યો શું લલચાવું,
ખાધા કેડે ખુશ થાવું, તક જાશેરે તો પડશે પસ્તાવું. ચાખો ૩૩૧
સુ—મહી મીઠુંરે મેં ચાખ્યું મહિયારી, તું ગામ કીયે વસનારી,
અલબેલીમાંરે સુરકી ભાસે ભારી, કહો નામ તમારૂં નારી;
(ઝુલ) વળી કોણ તમારો વિહારી સ્મિત હાસ્યથી મન હરનારી
કે ગુજર કુળ કામણગારી, સાવિત્રીરે તુલ્ય ન આવે તારી; તું ૩૩૨
લી—રંગીલારે મારી જાત રબારી છું રાજપુરે રે'નારી
છનુઆછેરે સુન્દર સ્વામી સુખકારી મમ નામ સલુણી સારી;
(ઝુલ) તમો વણીક વડા વેપારી, પુછી કુળ જાત અમારી;
શું વાત વિવાહની વીચારો, મનમોહનરે હું નવ પરણીત નારી છું ૩૩૩
સુ—અલબેલીરે મારે અનંગ ઉછાળા સુણી મધુર વચન મરમાળાં

લી—નવ સમજુરે હું ભોળી નવ લેર, મહીથી દુઃખે મમ ઘેર,
(ઝુલ) મોઢું છે ગોરસ ખારૂ, વધ વાતે બને નહિ વારૂ,
　નથી લીધું કાંઇ તમારૂં, હું જઉછુંરે અતિ "રતિપતિ"થી રૂપાળા
સુ—શા સારૂરે વાત જવાની બોલે, મમ જીવ ચડયો ચકડોળે;
લી—અણઘટતારે ઘાટ તમે ઘડશોમાં, આઘા રો'ને અડશો માં,
સુ—(ઝુલ) હું આવેલું અલબેલી, નજ તું ગભરામણ ઘેલી;
　મલી મુખ કહો મન મેલી, તું હળવેરે ઘુંઘટનો પટ ખોલે—મ.
લી—રંગ રસિયારે, દુરિજનથી દિલ ડરિયે, કહી ભાવ ખરો શું કરીયે
સુ—ગજગમનીરે, ગુજથી નજર મીલાવે, નખરેથી નયન નચાવે.
　(ઝુલ) કુમકુમનો ચંદ્ર કપાળે, તલ ગૌર ગુલાબી ગાલે;
　ચિનડું ચમકાવે ચાળે, વશ કરવારે તસ વગને અનુસરીએ,
　શું દુરિજનથી મન ડરીએ.　　　　૩૩૬
લી—વ્હાલાજીરે શી મન વાત વિચારો, મુજને વઢશે ધણી મારો
　મારગડોરે મુકોને મન ગમતા સુંદર રાખું છું સમતા;
　(ઝુલ) કાંઇ છો અખળા ઠગનારા, કરો આખ તણા અણસારા
　મેં જાણ્યા વિચાર તમારા, મારોછો તે સ્વાર્થ નથી સરનારો—મુ.
સુઆનિ—ખરૂઆનો ફેરબો સાડેતીન પૈસે એક ગોતી—એ રાગ)
　કામણગારી નારી કેને મને વાત તારીરે, વાત તારીરે,
　છેલ છબીલી છબી કાંકડી આ દીસે અદભુત.
　ગુણહિણો ગામડીઓ ખુહો, એતો ભમતો ભુત.　　　　કા. ૩૩૮
　ચતુર વિચક્ષણ તું ચતુરાને, ધણી મુરખ સરદાર;
　[illegible] વરણી જન ચાલે છે, ગમારથી ઘરબાર　　　　કા. ૩૩૯
લી—ડાઘા ડમરા તમને પરની લાગે વાત પ્યારીરે, લાગે વા—એ ટેક
　પગ હેઠળ દાવાનળ સળગે, એ અવલોકો આપ;
　આમને પણી શીખામણ આપો, મોહન રાખી માપ.　　ડા. ૩૪૦

જાદીમ છે શું ચુના જેવી, આ ગણિકા ગુણ હિણ;
કેમ પ્રેમ બાંધે પાતળીયા, પુરણ થઇ પ્રવિણ ૩૪૧

સુ—રૂપાળી નારી ડાકણ જેવી, દેખી દિલમાં ડરીએ. દેખી દીલ.
જાડી લાડી કુલની વાડી બાડી મન ગંભીર,
સુખુરંતી ગણિકા છે ગોરી.....................................

હી—..ઉરે પુરપનું હીર
જાણે લક્ષ્મી તમારી મોરી સુખડું લાલ રાખોરે,—સુખડું લાલ. ૩૪૨
કર પ્રસરો પરિંતુ પુષ્પા, નીરખી નાજુક નાર;
શ્યામ સલુણા સરત સમજો, પણ આવ્યો અહંકાર; ૩૪૩
અલબેલા ઉત્તમકુળ ઉપજ્યા, આ કુલટા કમજાત,
શાણુગારા કેમ બને છો વદો બરાબર વાત. ૩૪૪

સુમતી—ત્રીતાળ (પ્રભુનું પદ પરમેશ એ રાહ)
મહીનું મુલ બતાવ, પ્રમદા, પ્રેમ ધરીરે; મહી. (એ ટેક)
આવી અવળી વાત જણાવે, શો છે તુજ મન ભાવ
કાં રીતે બોલ્યા વિણ બનશે, અહીં નહી કંઇ અટકાવ;
સાચું ફેર જરીરે—મહીનું મુલ બતાવ, ૩૪૫

હી—મહીનું કરતાં મુલ શેઠ ખોટા દેખાશો—મહી—એ ટેક.
હે અલબેલા આપ ન મરશો, હું અબળા અનુકુળ;
મોહન મહીની વાત મોટી છે, કહો તે કરીએ કબુલ;
સુંદર નહી શરમાશો, મહીનું કરતા મુલ. શેઠ. ૩૪૬
એક મહોર મટકીના આપો, આ મહી અમૃત તુલ્ય;
એમ નહી તો અન ઘેર આવો, દહીં સાટે થઇ ફુલ;
નિત મહી માંખણ ખાશો, મહીનું કરતાં મુલ, શેઠ ૩૪૭

સુઆતવિલાસ— બારવી દીપચંદી.
અધટીત આમ તમે શું અડાવો, મુલ બરાબર અમને બતાવો;
હી—આળ કરો નહી વેશ્યા જેમાશે, મુજને બાપ આપો મરચક,

હું તો અહીં નહિં આવું હવેથી, ફાંકડેરાય શી ફોક ફજેતી,
સુ—નાહક આહક નવ ભડકાવો, સત્ય વિચાર સઘળો જણાવો. ૩૪૯
લી—કૃપણતા શેક તમારે તો કરવી, વ્હાલી વેશ્યા તણી હાજરી ભરવી
દાખ વીના દહાડો ક્યાં થકી વળશે, માલ વેશ્યા મુખડી સમ મળશે ૩૫૦
તમસમ પીયુને પ્રિયા મમ સરખી, તે જનશે મારૂં મહી મન હરખી
સુ—મ્હોર આપી લઉં માફ તમારો, નિત્ય મેં વચનનો બાંધી એ વારો ૩૫૧
લી—ઓ પ્રિય પરવશ શું ઉચ્ચરો છો ખાલીપીલી મને ખોટી કરો છો
મનુષ્ય વેંવારમાં રેંવું છે મારે, હનુઆગળ તો મને ઘોકળે મારે ૩૫૨
વાજડા વાટ જોતાં હશે ગારી.. ....
સુ—.......................... ...કહ્યું મનમાં નથી આવતું નાગી;
લી—રીસ ન કરશો જરા પણ રસિયા, વલ્લભ હૃદય કમળ મમ રસિયા; ૩૫૩
આપનો કોપ કદી ન ઉથાપું, એમને એમ હું આપને આપું.
વ્હાલા નથી મહી તમથી વધારે, બાગ ફરો કરૂં ભેટ અત્યારે ૩૫૪
કામ— (સુણો દિલ્લી તખ્ત—એ રાગ)
ઉઠય ઉઠય અહીં જાને તારે ઘેર, ધુતારી ધુતવાને આવીરે (એટક)
નાગ પ્રપંચની જાણી મેં તો પેર ધુતારી ધુતવાને આવીરે ૩૫૫
તારા તાર મેં છાનો જોયો છીનાળ, ધુ.—જલદી જાને નહી તો—
બનાશ બેહાલ. ૩૫૬
વદી મીઠાં મીઠાં કપટ વચન, ધુ. કરે મલીન મેં તાજી તણું મન; ધુ.
ખોટીબુદ્ધિએ આળસ અહીંખાય, ધુ. એતો માઠી તારાઠગણી શું થાય ધુ.
તને દેખી દાઝ આવ દગાખોર, ધુ એક મટકીની માગે છે તું મહોર. ધુ.
તારૂં પોગળ થયું બહું પ્રકાશ, ધુ. હવે આવીશ નહિ મારે આવાસ. ધુ.
લીલાવતી—(ખુબ ક્રોધમાં આવીને જુસ્સાથી)
કહેવ કોણ કુંડ તું મને કહેનાર, નફ્ટ ફટ ફટ તનેરે;
તારા ટોકડા વેચી કરૂં બજાર, નફ્ટ ફટ ફટ તનેરે. ૩૬૧
કેમ નથી જગ લાડી તને લાજ, રે રાંડ પાપણી હરેછે પતરાજ.

આખા મુલકનો અહીં તું ઉતાર, ન. ફુટ્ટ તારાથી હું નથી ડરનાર ન.
પઇસાવાળાને તમે બતાવો પ્યાર ન. ખાઇ ધન તન કરોછો ખુવાર ન.
તારે ઘેર કંઇક પડી રહે ગમાર ન છેડાવાળી રડે એની નીત નાર ન.
અરે તને અરશાકી થાય અધ, ન. તેથી તાડે સગા સજન સંબંધ ન.
કઇના વેચાવી ઘરેણાં ઘરબાર, ન. કઇને દગે કર્યા દુનીઆની પાર ન.
રમે તમારાથી જે પુરૂષ જાર, ન. એતો જગતનું એઠું જમનાર ન.
તારી ખચીત પશક ખુંદે ખાટ, ન. તારૂ તન તેતો કુતરાની ચાટ ન.
તારી સોબતે જુગારી ચોર થાય ન કેદી થઇ દરબારમાં દોરાય ન.
ઘણું ગણીકાના ઘરમાં જનાર, ન. કરે મધુપાન મુકી કુળાચાર ન.
તુંતો માંડી નવા નવા કરે નીત ન. તારી ખોટીછે પીતળ જેવી પ્રીત ન.
તને અડતાં મનુષ્ય અભડાય, ન. તારા સંગથી નરકે નર જાય ન.
અરે નથી માને તારી ઓશીઆળ, ન. કેમ ખોટું બોલે ખુટ્ટ ગોતારો કાળ ન
રાંડ આવીશ રસિક કને રોજ, ન. તારા મમત ઉપર મારું મોજ ન
મારૂં ફોડી નાંખને તું હૈયાફુટ. ન. હાહા મારા એમાટીછે માથું ફુટ ન.
તને જોતાં ઉપજેછે મને ઝાળ, ન. જખ મારનારી જુઠું મુકયું આળ;ન
કા—જુંડી રાંડ નીચ જાત ભરવાડ ધુતારી ધમકાવે મનેરે,
અહીંથી તારી મહી મટકી ઉપાડ ધુતારી ધમકાવે મનેરે;
સુ—બસ બસ રાંડ ઝાઝું નહી બોલ આચીરે તારૂં આવી બન્યુંરે.
હાથે કરી તેતો ખોયો તારો તોલ આચીરે તારૂં આવી બન્યુંરે
સુ—જંગલી જંગોટી પંજાબી ઠેકો જોબન મદ—એ સહ

માઠું લગાડો તો મારા સમ છે સલુણીરે,
નથી આ નકટમાં બે બદામની મુણીરે;
વચમાં બોલાવ્યા વિના બોલી વદકારીરે,
નીચમાં તું નીચ વેશ્યા નિર્લજ નઠારીરે.

કામસેના—આમ ઉપરાણું લઇ મને ધમધમોરે;

એકનાં અનેક કહ્યાં એને ના અડાવો. આ. ૩૮૧
આટલાં વરસ આવ્યા ઓપની ઉકાવીરે;
મને અપમાની તમે શરમ ના આવીરે, આ, ૩૮૨
મૈયારીનું સુખ દેખી પ્રિતી પલટાવીરે;
વણિક જાતી રિ ખરી ખુબી આ જણાવીરે. આ. ૩૮૩
સુ—નક્કો મારે આવાનું થયું છે મન તારૂંરે,
જાને છાની માની જુઠી માની કહયું મારૂંરે. ન. ૩૮૪
હી— (એસી ચતુર નાર, એ રાહ.)
મહી બહુ દરબાર અહીં નહી અવાય અપમાન થાય;
મ્હારો સહાય ક્યાંથી અપાય, નિત્ય આધીન નગીના મહી, ૩૮૫
સુ—આમ ચતુર નાર, કરી પુરણ પ્યાર, ડર નવ લગાર;
નિત્ય આપુ હાર લે મુક્તાહાર, વળી આપીશ દાગીના આ. ૩૮૬
એરવી—દાદરો, (ધન કાયકી જરીયાપે રાત રહો. એ રાહ.)
આજ રંગમાં રંગીલી પ્યારી રાતરહો, વીસ મ્હોર કાલના પ્રભાત લહો આ
કહુંક નગર કુલટા નહિ બોલે, આટલું સઘુણી સુજાન સહો. આ. ૩૮૭
હી—ભીમપલાશ તીતાળ (નિભાંવો બાંહ ગ્રહકી લાજ એ રાહ.)
નગીનારં, નેહ નજર કરી આજ (એ ટેક.)
જોબન જુવાણી છે મમ જીવન, તમને કર્યા શીરતાજ. ન.
ઝેર જેવો હનુઓ હવે લાગે, નવ ગમ તસ પરમાજ. ન ૩૮૮
પણ રાત્રી રહેતાં અહીં પ્રિતમ, અજડ બગાડે કાજ. ન.
ચોરી જારી ને વળી ચાડી, છે છાનીમાં મઝાજ. ન. ૩૮૯
—રસ લાગ્યો રંગરસ રમવાને, મ્હોર મળે રસરાજ. ન.
અહનિશ હું આધીન અલબેલા, પણ નડવાની પીડાજ. ન. ૩૯૦
સુ—હે ગણિકાને હું નહી ગાંઠું મનથી કરે છો ફીકરાજ. ન.
હું આ વચન તન મન ધન તારૂં, નથીરે કરવાનું કાજ. ન. ૩૯૧

લી—હું પણ કોલ કરાર કરૂં પતી, આશીશ નિત્ય આપીયાંજ. ન.
હુંરે બની બડભાગણ સરજી પુરવ પુન્ય ફળ્યાંજ. ૩૫૨
અંક તૃતીય સમાપ્ત.

અંક ૪ થો.

પ્રવેશ ૧ લો.

સુ— (વંદના વંદના વંદનારે, એ રાગ.)
નરપતિ તન્નપતિ રતિમતીરે રતિ આકૃતિ રતી નથી તું વિસરતી (એ ટેક)
નંનચોટ આરપાર હૃદયમાંઉતારી, સજળચપળ ચક્ષુઅરછી ચમકતીરે.
સપ્રદાયક મમ લાયક લલના, જન્મી એ આહેર જાતીમાં જતીરે. ૨ ૩૫૩
નરગેહું શું આમખ્ખિઃકતને વિધાત્રી, સદ્ગુણીહતુઆને જોગ્ય શું હતીરે.
રાધિકા સમાન માન એ મને બતાવે, કેવી કૃષ્ણ જેવી હું કરૂં કૃતારે.૨ ૩૫૪
રૂમઝુમક કરતી ઠમણુંઆવશે રસીલી, બીકડું મહીવેચું મુખઉચરતીરે.૨
ગ નપાથા પઢીપુરી પદમણી પ્રવીણએ, ગણિકા ગમારમાં નથીગતારે.૨૩૫૫
કરમ — (ઓધવજી સંદેશો કહેજો શ્યામને, એ રાગ.)
કરમ તણી કથનીરે કયાં જઇ નેકરૂં,
દીલડામાં સળગે દાવાનળ દુઃખજો; ૩૫૬
ભરવાડણ વેરણના બંબેર્યા થકી,
એક જુએ નહી સ્નેહે મમ સન્મુખજો. કરમ. ૩૫૭
મોજ મઝા માણે છે મારાં દેખતાં,
લાજ ન આવે નિર્લજ્જને લવલેશજો; ૩૫૮
અહનિશ એ બે જણ રેછે આનંદમાં,
ક્લેશ વિશેષ મને ઉપજે હમ્મેશજો. કરમ. ૩૫૯
છેદે છે મહિયારી મારો છાંયડો,

કયૌં કંથ વશ કરૂં હવે હું કેમજો; ૪૦૦
બહુ બોલું તો સાડાબાર વરસ તણો,
તુટી જાય તરત પ્રીતમથી પ્રેમજો. કરમ. ૪૦૧
ખાલી થયો ખજાનો ધન ધુતી ગઇ;
એ મટકીની લે છે નીત એ મ્હોરજો, ૪૦૨
છાનું ઘણુંએ આપ્યું મુજને છેતરી;
જાણું પણ જરીએ નવ ચાલે જોરજો. કરમ. ૪૦૩
શું સમજાવું સમજાવ્યા સમજે નહીં,
છાલ ન છોડે પેલી છટક છીનાળજો. ૪૦૪
કિચીત કે'તાં મુજને ઉઠે મારવા;
કે'છે દે છે અમને ખોટું આળજો. કરમ. ૪૦૫
એ બે જણને હું તો ઘરમાં એકલી;
ડાહ્યાં પોતે મુજને ગણે ગમારજો. ૪૦૬
હવે કરૂં શું હાય ! નથી કાંઇ સુઝતું;
આહેરણને આધીન મારો યારજો. કરમ. ૪૦૭

કપટ—ઠુમરી પંજાબી (અચરા પકર મોસે કરત, એ રાહ.)
પ્રિય તું ન રડ કંઇ કર ઉપાય, જેથી વિકટ સંકટ ઝટ જાય.
મારી સજની
કલા—એ છે નફ્ફટ નીડર નટખટનથી નબતું, કપટ કાંય.
ખોટી ખટપટ લટપટ નવ ખમાય,
મારૂં વિકટ સંકટ કયમ જાય. મારી.
કપટ—પ્રિય તું ન રડ કંઇ કર ઉપાય, જેથી વિકટસંકટ ઝટજાયમારી૪૦૮
લી—અમૃત સરખું સુખકારીરે લ્યો મન મોહન મધી વાણી. ૪૦૯
કલા—પરુજ લાવણી (મગ મલત દાનસુ એ રાહ)
જનુએ નવ આવતી અટકી, કેમ કરૂં જરી કાળજું ધડકી,

નથી હતી પટકી મટકી, હજુએ નવ આવતી અટકી;
હૃદય નયન રંજકણુ સમ ખટકી, જેલ જશે છટકી વટકી. હજુ૦ ૪૧૧

લી—કાલીંગડો (સિદ્ધાચળ શીખરે દીવોરે એ રાહ.)

લી—અમૃત સરખું સુખકારીરે, લ્યો મન મોહન મહી લાવી,
મનમાં બળે વેરણુ મારીરે, લ્યો મન મોહન મહી લાવી;
સુ—તુજ દહી દુધ છે ગુણકારીરે, આવો બેપારી મારી. ૪૧૨
જગ વધુ રહેશે જશ મારીરે આવો બેપારી મારી;
કામ—લોભી લખમી મમ લુંટીરે બેપારણ વેરણ મારી,
ફાડી હું માથું કુટીરે, બેપારણ વેરણ મારી;
બધી હાથ તમારે બાજીરે, બે, માગે છે મહી મેહેનાજીરે બે. ૪૧૨
લી—મોઠડા લ્યોને મહી મીઠું રે, કાળજડું ઠંડુ થાશે.
આતો નથી અત્તર અજીઠું રે, કાળજડું ઠંડુ થાશે; ૪૧૩

કામ— (દેખી તોરી વફાદારી એ રાહ.)

તું પાછળ પડી મારી, હું તારાથી હારી,
મે તારૂં શું બોલ્ય બગાડ્યું નિત્ય આવી મમ દ્વાર;
ભરમાવી મુજ ભરતાર, પડાવે ખાર, રીત શું સારી. તું. ૪૧૪
જીવન તુજ મહી વિણુ નથી જમતા, તે તુજ ક્રને તૈયાર;
નથી ઘરમાં એક દીનાર, આપણ બાર, ગણી શાહુકારી. તું. ૪૧૫

સુમ— (બાદીયાં ને ગઇ મારીરે મછરીઆં એ રાહ.)

શું કુટિલા તું હજી રહીરે કકળતી
એ અધિરા કેન આપે ઉધારેરે,
સારી શાહુકારી તારી મહીરે અસલથી. શું કુટિલા. ૪૧૬

લી—ગજલ (હમતો આશક હે તેરે—એ રાહ.)

હશી વશી કરણ કરી, ભાન ભુલાવી બાલા;
હર્યાં મમ પ્રાણુ નયન, બાણુ લગાવી લાલા. હશી. ૪૧૭

વળી પરિપુર્ણ અરસપરસ જીહાં પ્રેમ પ્રિતમ;
એને કોબુ માત્ર મહી મેં લાજ લુટાવી બાલા. હશી. ૪૧૮
આપું બેની ચાર મટકી આજ ઉધારે વ્હાલા,
વધારે ન હોય જ્યાં આધિન બનાવી બાલા. હશી ૪૧૯

કામ—ગુસ્સે થઇ (ભૈરવી દાદરો. પ્રિયા પાપી ન જાગેરે એ રાહ.)
મહી નથી લેવુંરે જા દગાઇ તારીરે, જા દગાઇ તારી એ ટેક.
મીઠું મીઠું બોલી ખાઇ ગઇ ફોલી કપટ આ કેવુંરે. જા.
સરવ સફાઇ તુજ સમજાઇ, ઉણું ન રહેવુંરે. જા.૪૨૦
શેઠ વેચાશે, પણ મહી ખાશે, કયાં દુઃખ કહેવુંરે; જા.
નિજ ઘર ખોયું, જગમાં ન જોયું, મમ પ્રિય જેવુંરે.જા.૪૨૧

સુમ—ભેરવી ત્રિતાળ (દંતવિના ન પમાય એ રાહ.)
આ જમવા અભીલાખ, સરસ મહી આ જમવા અભિલાખ એ ટેક.
માખણથી પણ અધિક મિષ્ટ છે, ધિક આ આગળ દ્રાખ. સ ૪૨૨
આના તુલ્યે કદી ન આવે, સાકર આંબા સાખ; સ.
આ અમૃત સમ ગોરસ આગે, દાય નહિ દુધપાક. સ.૪૨૩
મહિયારી નિત આવે મંદિર, દાસે દીવાળી લાખ; સ.
તું ધર્યો અગ્નિમાં અમથી, ખુબ બળી થા ખાખ. સ ૪૨૪

કામ—(ભેરવ મન મોહન મોરલીવાળોરે એ રાહ.)
મુજને ભીખ માગતી તેંજ કરી, મુજને ભીખ માગતી તેજ કેરી.
તેંજ કરી ધનમાલ મતા હરી, દીલડામાં નવ લેશ ડરી. મુ.૪૨૫
નફટ દેખતાં નિત નિત ઘર આવે, જા તુજને નથી શરમ જરી.મુ.
કામ નથી ઘરમાં તમ કેરું, આ હું સત્ય વચન ઉચરી. મુ.૪૨૬
નફટી થઇ કદી પગ નવ દેશો, મમ ઘરમાં ૫ટકેલ ફરી. મુ.
આજ થકી કરો બદીક તમારું, હું ખોટી આ રાંડ ખરી. મુ.૪૨૭

પ્રવેશ ૨ જો.

લીલા—સીંહાનો કાનરો-દીપચંદી,) તારૂણી તુજથી એ રાહ.)
પ્રાણજીવન પુઠે પુઠે પધારો, અહિ છે એકાન્ત આવાસ અમારો
કામ ક્રીડાપતી હરનીશ કરશું, સાહેબ વનિતાની વિનતી સ્વીકારો,
મુજ ઘરમાં નથી લક્ષ્મીનું લેખું, વ્હાલા વિલાસીને વ્હાલ વધારો.૪૨૮
સુ—તું જોબન મદમાતી મહિયારી, મેં તો દીઠી તુજ નિપુણતા ન્યારી,
હું ઉત્તમ ક્યમ આવું અધમ ઘર, જગતમાં આબરૂ જાય અમારી, ૪૨૯
છાની રાખું તને છેલ છબીલી, જાણીએ છે બધી જારી ચિન્જારી
લી—સાયરી લાલ જવાદો તમારી, હું ગણીકા થકી નથીરે નઠારી.૪૩૦
હનવા ઉપર હવે હેત ન આવે અમ ઘર આવો અરજ અનધારી
સુ- જાણુ કરીને જગતમાં કારણ, હું મધુકર તું તો માલતી મારી૪૩૧
લીલાવતી—(પ્રમાણિકા છંદ અથવા ઇંગ્રેજી રાહ.)

જરી ન કોઇ જાણશે, મનુષ્ય સૌ વખાણશે,
નિજુ ઘર પધારીએ, સુકીરતી વધારીએ.
ઉચાટ અંગના ટળ્યા, સુભાગ્યથી પતિ મળ્યા,
પણ્યાંગના નિસારીએ પ્રભુ મને સ્વીકારીએ. ૪૩૨

પ્રવેશ ૩ જો.

લીલાવતી— પીલુ બરૂઆ દીપચંદી.
આજ કૃપા કરી અમને ઉગારો, બળતી અનંગ અનળ થકી ઠારો. ટેક.
અ જી ગણિકા કુલટાને, હતુ આ ણુહાનો મેં નેહ નિવાર્યો. આ.
ભુ રૂપ ભમતા ખટ માસે, બ્હીતોબ્હીતો બોળુ આવે નિચારો. આ૪૩૩
નિર્ગ રહ્યા મમનાથ નગીના, આપના ચરણકમળ ચાંપનારો. આ
રતિ અંતર રસિયા રખે રાખો, વિવિધ પ્રકારથી લાલ વિહારો.આ૪૩૪
પ્રસન્ન કરું પ્રભુ પાય પલોટી, મહી માંખણ થકી શરીર સુધારો આ.

ભોગવો સ્વર્ગ તણાં સુખ સ્વામી, હુકમ કદી નહીં તોડું તમારો, આ. ૪૩૫
વિનય સહિત પૂછું તમને વાલેશ્વર સંશય ટાળીએ એક અમારો. આ.
સુ—ઉત્તર આપીશ એનો બરાબર, સ્નેહસહિત અગ્રેથી ઉચ્ચારો આ. ૪૩૬
લી—સોરઠ ભૂરશો ત્રીતાળ. છોડદે સંગરવા સુરખ મોરી (એ રાહ)

[illegible] મુગટ મારા પરણ્યા કે [illegible]રે,
શાને માટે આપે સગાં વહાલાંરે [illegible]; ૪૩૭
[illegible] માત પિતાજી તમારાં [illegible] સ્વજન કુટુંબરે
[illegible], સંબંધ [illegible] બોલો સમભારારે, આ. ૪૩૮

સુભ—[illegible] પુણ્યાત્મા છે [illegible],
[illegible] સોબતે તજ્યા વગર [illegible] —મુ— ૪૩૯
[illegible] નગરીમાં એક વસે છે [illegible] પર વસેતારે,
[illegible] અનુસારેરે. ૫

વિનાણી ચોપાઈ—[illegible] દીપચંદી.

તારા જેવી એ દીપતી દેવી, [illegible] તુજ જેવી,
[illegible] જેવી [illegible] તેવા ૪૪૧
લી—હતો એને પતિ [illegible], [illegible] વેચવાને ત્યાં [illegible]
[illegible]પુર તણા શેઠની બેટી, નામે [illegible] ગુણ પેટી. ૪૪૨
પહેલી વાત સુણી એની પાસે, [illegible] આજ [illegible].
મારી સખ્યર [illegible] સોભાગી, [illegible] તને [illegible]. ૪૪૩
આપને ઘટે કરવું ન આવું, [illegible]
સુ—સુતો સર્પ જગાડીએ શાથી, [illegible] ૪૪૪
તું છે સર્વ સુખદાયક [illegible], એનું કામ નથી અહિ [illegible],
નિત [illegible] ભોજન કરશું. રસ રંગમાં આપણ રમશું: ૪૪૫
મળ્યું છે મન આપણા બેનું, અહિં શું છે પ્રયોજન એનું.
લી—આવું કરીએ નહિ મન કાચું, [illegible] ને કહું સાચે સાચું: ૪૪[illegible]

પ્રિય પરણ્યા તમે મારી સાથ, એતો યાદ લાવો પ્રાણનાથ,
ચઢી ચોરીએ હાથ દબાવ્યો, નખ દેહને નેહ જણાવ્યો; ૪૪૭
તમ સાથ ક્રીડાઓમાં હીંચી, ખશાખાણી પાડી ચીર ખીંચી
લાગે આટલું તમને અધુરૂં, કહોતો બીજી નિશાનીઓ પુરૂં; ૪૪૮
મને અટાઓએ એકલી મુકી, ગયા ચતુર પતિ બધું ચુકી,
સુ—થઇ વિસ્મય સાંભળી વ્હાલી, મળ્યાં દંપતિ કોડ દીવાળી ૪૪૯
કર્યો કેમ મહિયારીનો વેશ, નવ જાણ્યું કપટ લવલેશ.
પ્યારી તારો છે પુરણ પ્રેમ પહેલાં આવી કહ્યું નહીં કેમ, ૪૫૦
લી—મેંતો જાણ્યું રસિક રીસાળ, પાસે વેશ્યા વિષય વિષ જ્વાળ
એથી મહિયારી સ્વાંગ ધરીને, તમને વશ કર્યા કપટ કરીને ૪૫૧
સુ—સત્ય વાત સકળ પ્રિયા તારી, મારી અક્કલ ગઇ હતી મારી
સારી રસમ સરવ તેં સુધારી, ધન્ય ધન્ય પતિવ્રતા નારી; ૪૫૨
વેશ્યા લંપટ હું લજવાઉં, તારા ગુણ હું કેટલા ગાઉં,
મારા કુળનું કલંક તેં કાપ્યું, તને અધિક સાબાશી હું આપું ૪૫૩
લીલા—(સુણ ચતુરસુજાણ, પરનારીની, એ રાહ)
મનહર મળતાં, મેં મનગમતું સરવે સુખડું માણ્યું:
જગમાં જોતાં સ્વામી સમાગમ સમ સુખ અવર ન જાણ્યું.ટેક.૪૫૪
સારતાજ તમે વેશ્યા ત્યાગી, ભાવટ આખા ભવની ભાગી,
પતિ પૂરવ પુન્ય દશા જાગી. મનહર. ૪૫૫
ઉગ્યા સોવન સુરજ આજે, મમ વિજયતણા ડંકા વાજે,
દુશ્મન દેખી દિલમાં દાઝે. મનહર.૪૫૬
જ્ઞાન વચન સુધારસ ચિત્ત ધરશું સાતે ક્ષેત્રે ધન વાવરશું,
નિતદિન પ્રભુની પુજા કરશું. મનહર.૪૫૭
પિતુ માત પિતા પાને લાગો, મારી અપરાધ તણી માગો
સંસાર તણો ચસકો સાગો. મનહર.૪૫૮

પ્રવેશ ૪ થો.

સુમ—બીહાગ ગજલ (પારસ પ્રભુ દેખકે એ રાહ)

પિતા માતા ક્ષમા માગું, ઘણો કાજી પગે લાગું,
નીતિ પર લક્ષ ના દીધું, અઘટતું કૃત્ય મેં કીધું; ૪૫૯
મયા કર માત તું મારી, અવજ્ઞા મેં કરી તારી,
રહ્યો નહી કોઇનો વાર્યો, ઉઠયો કુળમાં હું અંગારો; ૪૬૦
બન્યો ગણિકા તણો યારી રમ્યો દિન રાત હું ભારી;
એરે સૌ સોકમાં લાગ્યું, હવ પસ્તાવુ' છું ઝાઝું. ૪૬૧

સદાફળ— જરૂાવો સીતમકુ સજાવાર હું—એ રાહ

થવાનું હતું તે થયું દીકરા. હવેથી તમે ચાલજો પાંસરા;
તને તેડી લાવી વહુ ડા'પણે, અતિ હર્ષ આજે મળ્યાં આપણે૪૬૨

લી—પ્રભુ વિઘ્ન સઉ ટળ્યનાં પુન્યથી, નમું પાય હું મસ્તકે ભાવથી
સદા—પ્રભુ બુદ્ધિશાળી વહુ તું ગણી..............................
લીલા—...................અહો આપ આશીષ આતો ફળી; ૪૬૩
સં—શિયળ સાચવ્યું તે પ્રિયા સુતની, વધો વેલ તારા થકી કુળની
વધુ શું વદું ગુણ તારા વધુ, અને ધન્યછે સુખ આપ્યું બધુ, ૪૬૪
અચળ તારૂં રહેજો સુહાસણપણું, સદા સુખમાં જીવજો તું ઘણું
ફળા ફેળવી લાવી તું કંથને, થજો પુન્યશાળી સુપુત્રો તને. ૪૬૫

પ્રવેશ ૫ મો.

કપટકળા જીલ્લા ગજલ.

આજકે ફિદાઅઆંખ આંસુથી ભરી છાની રહે છબિલી ગયો છેલ છેતરી
કા—હા કરી બેહાલ લાલ વ્હાલવિસરી, ઉડેકુએ કિનારી મુકી વતને ભરી
કોઇમાંઓલાઇમકુ ફંસાઇતીખરી, પ્રપંચએનો રંચ્હેસોજાણેમોનહી જરી
અકળાઇ બાઇ ઝેરખાઇ જાઉશ કુંઅરી, હાયહાય લાલમ રો લેઇ ગયકરી૪૬

કાફીઓ—(બેડો બાંધ બુડનો તારોરે એ રાહ)

અરે દુઃખ આ ક્યાં ઉપજ્યુંરે બળે બહુ મન મારૂંરે; (એટેક) ૪૬૭
પરણ્યા વિના પારકા પતિ સાથે, રમીએ હરનિશ રંગ,
જોબન જાતાં જતાં રહે વેગળા, સ્વારથીઆ તજી સંગ. અરે.૪૬૮

ક—સુમતિવિલાસથી સ્નેહ કરીને, વરજ્યો વેશ્યાનો વેપાર,
એ ભરવાડીને બાગી લોભાણો, તમને કર્યો તિરસ્કાર. અરે ૪૬૯
સુણી દુઃખ આવું તમારૂંરે, બળે મનડું પણ મારૂંરે—એ ટેક.

ક—ભરવાડી નહિ હતી ભામની એમની, બોળવી ગમ ભરથાર;
વધી વિચિક્ષણતા વાણીઆણની, ગણિકા ગમ્યા ગમાર. અરે.૪૭૦

ક—કહેવું કર્યું તું મેં વાણીયા સ્વારથી, સમજાવી લિધા પછી સહુ
શોક તજને મળશે મહી મંડળ, એના જેવા બીજા બહુ, સુણી.૪૭૧
એક મુકી બીજે કરીએ વળી, બીજે મુકી ત્રીજો ભરતાર;
એમ અનેક ધણી કરીએ, એતો આપણો છે કુળાચાર; સુણી.૪૭૨

ક૧—ધિક કુળાચાર આપણો એવો, સ્વામીનો જ્યાં ન સુમાર,
ચાર બેસાવા બજારમાં બેસવું, લાજ મળે ન લગાર, સુણી.૪૭૩
ચોર જુગારી ફરંગીઆ આપણી, પ્રીતિ કરે બેશી પાસ;
આપણાને વળી આપણા યારનો, વિશ્વ કરે ન વિશ્વાસ, અરે.૪૭૪
લાગી કમકમ ભસ્મ ચોળાવીએ, ધરીએ ન એક ધર્મ,
હાડ [illegible] હરામીની સાથે, કરીએ નીચાં નીત્ય કર્મ. અરે.૪૭૫
કસાઈ [illegible] જીવથી મારે, છળ થકી છેતરી જેમ;
દુષ્ટ [illegible] મારશે!!! આપણને પણ એમ; અરે.૪૭૬
ભભકો [illegible] બજે ગોટામાં ચાલો, ઝાલી ગુલાબના ગુચ્છ;
સદ્ગુણી માણસ સમજે વેશ્યાને, તરણા થકી પણ તુચ્છ. અરે.૪૭૭
ઓછી અક્કલના ઉત્તમ કુળની કંઇક નીચ પ્રસંગથી નાર,
જ્યાં ત્યાં [illegible] વારંવાર જાણો કરે વ્યભિચાર. અરે.૪૭૮

એતો ઘણું દુઃખ પામે આપણથી, જ્યારે જોબન તેનું જાય,
કીડા પડે કાઢનાર જડે નહિ, મરવાથી મડદું શું થાય. અરે.૪૭૯
પરભવ પાપ કર્યાં પરિપૂરણ આવ્યો વેશ્યા અવતાર,
આ ભવમાં પણ અધિક કરી અઘ, નરકે જવું નિરધાર. અરે.૪૮૦
વેરી ગણી વ્યભીચારીએ વરજી, પરણી થકી કરી પ્રેમ;
એક કોડી પણ મારી કને નથી, કેને હવે કરૂં કેમ. અરે.૪૮૧

કુપર—મારી આશ મનમાં ન સુજાણો, સ્નેહ રહેજો મમ સાથ,
વેશ્યા વેપાર પ્રપંચ બધો તજી, જપશું હવે જગનાથ. સુ૦૪૮૨

પ્રવેશ ૬ ઠો.

સુગુ— વ્હાલાજીની વાટડી અમે જોતાં (એ રાગ)

લીલાવતી નાથ નિજ ઘર લાગી રે, ગણિકાનો ગોથું ખવરાવી. લી. ટેક.
મળીએ આવ્યા વ્હાલાં સખી મારીરે માત તાતની શોભા વધારીરે
કીરતી પ્રસરી જગ તારી. લીલા ૪૮૩
ઘણું રૂડા માબાપની બેટીરે, હતી કેશ છબીલાથી છેટીરે;
ભરથાર થકી ભલે ભેટી. લીલા ૪૮૪

લી—સખી સારી રીતે ઝાઝો સાજી નાજીરે, મારાં સુખમં છે માતપીત.જીરે

સુગુ—સારો દિવસ સુખી થયાં રાજી, પ્યારી સખી પીયર પનોતી
પધારોરે, સૈયર વર્ગનો હરખ વધારો—પ્યારી—ટેક. ૪૮૫
બર્યો ખોળા સંસારની રીતીરે, કુંશ શિયળ પ્રભાવથી વીતીરે;

લીલા—વ્હાલા જમી વાટ જોતી રી, જમવા ઊઠો પિયર હવે હું તો
આવુંરે, માત તાતને શીષ નમાવું જમવા—ટેક ૪૮૬
મને આજ્ઞા સાસુજીએ આપીરે, પુછયું છે પતિને તથાપિરે,
જેની કરૂણાથી જશ રહ્યો વ્યાપી, જમવા— ૪૮૭

પ્રવેશ ૭ મો.

સુમતિ—બનઝારા, પ્રિય મિત્ર બીના હો ભાઇ (એ રાહ)

હું વિષય અંધ અવિચારી, સદગુણી પ્રીયા સુખકારી,
આચાર કરી નીજ અળગો, વેશ્યા વાઘણને વળગ્યો;
ખોટી બુદ્ધિ થઇ મારી, સદગુણી પ્રિયા સુખકારી ૪૮૮
મરકટવત મને રમાડી, ઉજવળ કુળ એબ લગાડી;
એ વેશ્યા હવે વિસારી, સદગુણી પ્રિયા સુખકારી ૪૮૯
બહુ મોટા ઘરની બાળા, એ મનહર ગુણ મણીમાળા;
મુજ માટે થઇ બેમારી, સદગુણી પ્રીયા સુખકારી ૪૯૦
અગણીત હરી દ્રવ્ય અમારૂં, તેં ભર્યું હતું ઘર તારૂં;
ધિઃક ગણિકા વિષય વિકારી, સદગુણી પ્રીયા સુખકારી ૪૯૧
વરસાને ભીખ મંગાવી, એથી અધિકું ધન લાવી
તું પ્રેમ બતાવી પ્યારી, સદગુણી પ્રીયા સુખકારી ૪૯૨
મેં માત પીતા અપમાની, તજી બીક બધા દુનીયાની;
હું કામ કામ ધિઃકારી, સદગુણી પ્રીયા સુખકારી ૪૯૩
મમ સમ જે કુકર્મ કરશે, કદી મોત વગર તે મરશે;
કહ્યું શુણી ચઢ્યા વ્યભિચારી, સદગુણી પ્રીયા સુખકારી. ૪૯૪
વહુંભું વિયોગ વારૂ તું ગઇ સુઆવડ સારૂ;
આજ્ઞા માગીને મારી, સદગુણી પ્રીયા સુખકારી ૪૯૫
વ્હાલીએ વંશ વધાર્યો, આહા પુત્ર પ્રસવીયો પ્યારો;
આ ખબર લખી ખુશકારી, સાકર વ્હેંચાવું સારી; ૪૯૬

પ્રવેશ ૮ મો.

લીલા— માતા જસોદા ઝુલાવે. એ રાહ

પ્રેમે પ્હોઢ્યા છો કુળદીપક મારા પારણે
નીરખું હરખું તુજને લાડકવાયા લાલ

કાજળ આંજેલી અલબેલી લાગે આંખડી;
તારા ગોરા ગોરા ગુલાબ સરખા ગાલ,
અબોલોલો હાલો હાલો વ્હાલા વીરવિલાસને. એ ટેક.૪૫૭
નાનકડા રજ મોટા થાઓ નિશાળે મુકીએ;
ભણીશ તો પરણાવીશ ગોરી વહુ ગુણખાણ.
હમણાં આવીને બાપાજી તારા તેડશે;
જાગ્યા જાગ્યા જાગ્યા જાગ્યા જીવન પ્રાણ—અબો૦ ૪૫૮

સુમતી— કૃપા કરજોરે દેવ મુનિ—એ રાહ.
બાઇ જાણ્યા કે હજુ સરકાર ઉંધે છે;
લી—આવો તેડોને જુઓ તમ સામું જુએ છે,
સુ—શું આજ ઉઠયા ઉલાસે, આવો શેઠ અમારી પાસે;
મુછ પકડી વીરવિલાસે, કર્યું કુકરે હન તારૂં ભલું થાય ગાંડા
મારાં ચોખાંરે લુગડાં અલ્યા તેં બગાડયાં; ૪૫૯

ચતુર્થ અંક સમાપ્ત.

અંક ૫ મો.

પ્રવેશ ૧ લો.

સુમતિ—(કુલણાછંદ ભેરવી પાસ શંખેશરા (એ રાહ)
વીરવિલાસનું લગ્ન કર્યું મગન થઇ, વાનર્યું ચિત જગ્ન ખુબ વાધ્યો;
આધિવ્યાધિ ટળે જેથી મુક્તિ મળે, કર્મ તજી પર્મ નહી ધર્મ સાધ્યો.
જ્ઞ સુખ કરણ આચાર્ય ઉપદેશ છે, ચરણ વંદન કરી ચરણ માગું
અવહરણ મુનિતેહ તારણ વરણ, શરણ કરી ગ્રહણ સંસાર ત્યાગું
આજને કાલ કરતાં ગયો કાળ બહુ, આળ પંપાળ આ માલ માયા
હાલ બેહાલ થઇ કાળ કરવો પડે, કાળની ઝાળમાં જો ઝલાયા;
સુમ શ્રવણ પ્રમુખ રીદ્ધિ મુકી ગયા, જગતમાં એમ સૌ જાય નાણું

ઓાધઅઘહરણુ મુનિ તેહ તારણુ તરણુ, શરણુ કરી ગ્રહણુ સંસાર ત્યાગું
ધિઃક સંસાર સુખ નરકમાં, ગરક થઇ, આંખ ઉઘાડી ઊંચુ ન જોયું
અર્થ ઉપાર્જવા અર્થ અળગો કરી, આટલું આઉખું વ્યર્થ ખોયું
શુદ્ધ શ્રદ્ધા રૂપ ન્યુનતા નવ રહી, આજ મમ પુર્વનું પુન્ય જાગ્યું
ઓાઘઅઘહરણુ મુનિ તેહ તારણુ તરણુ, શરણુ કરી ગ્રહણુ સંસારત્યાગું.

પ્રવેશ ૨ જો.

લીલા—(રામકળી) શ્રી સિધ્ધાચળ ભેટવા એ રાહ)

ધર્મઘોષ સુરીશ્વરજીને વીરા વંદવા જઇએ;
સદ્ ઉપદેશ સુધા સમો, સુણતાં સુખ લઈએ.

પરભવના પુન્ય ઉદયથી. નયણે નિગ્રંથ નીરખ્યા;
ભવ્ય કમળ પ્રતિ બોધવા, સુરી સુરજ સરખા, ધર્મ૦૫૦૨

લી—માજી મુનિવર વંદવા, આજ હું પણુ આવું; ૫૦૩
કરજોડી વિનતી કરી, ઘેર વ્હોરવા લાવું,

પ્રવેશ ૩ જો.

લી— (નાથ કેસે ગજકો બંધ છોડાયો એ રાહ)

સુરી મુખ સાંભળી શ્રીજીન વાણી, જુઠી મને જગતની માયા જણાણી
વ્યાજ બ્યાજ માફક કર્મ વધે છે, પાપ કરો નહિ પ્રાણી;
પરભવ પોપટ પાંજરે પુરી કીધી મેં કર્મ કમાણી સુરિ; ૫૦૪
બાપરડી સાડી બાર ઘડી સુધી, દીલમાં વિજોગે દુભાણી;
એથી હું તો સાડાબાર વરસ લગે, વિરહના બાણે વિંધાણી, ૫
કર્મ વિટંબના પરભવ કેરી આ, જાતિ સ્મરણુ થકી જાણી. ૫૬
દંપતિ દિક્ષા ગ્રહણુ હવે કરશું, પરણુવા શિવ પટરાણી. સુર.

વીર—(મને મુકી ગયો છે મારો છેલડોરે; એ રાહ)

અરે સુજને મુકીને આમ એકલોરે, થશો સાધુજી તમે શું ખરેખાત.
માત વાત મારી શી વધે થશે વિચારીએ. સુ૦૬